# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

## સાગટાળા (જિ. પંચમહાલ)


-: અહેવાલ લેખન :-

ડૉ. ગૌરીશ પ્ર. પંડ્યા

ભીખાભાઈ સો. પટેલ

-: સંકલન :-

ડૉ. ઠા. ભા. નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪.

૧૯૯૦



૨૭૭

# સાગટાળા પુનઃ તપાસ

૧૯૮૯

ડૉ. ગૌરીશ પ્ર. પંડ્યા
શ્રી. ભીખાભાઈ સો. પટેલ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ- ૧૪

## અનુક્રમણિકા


| પ્રકરણ નંબર | વિગત | પાન નંબર |
| --- | --- | --- |
| ૧ | પ્રાસ્તાવિક : તપાસ પધ્ધતિ અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ | ૧ થી ૬ |
| ૨ | વસતિ અને વિસ્તાર પરિચય | ૭ થી ૨૪ |
| ૩ | સાગટાળા ગામની તુલનાત્મક પરિસ્થિતિ (૧૯૬૯-૧૯૭૯-૧૯૮૯) | ૨૫ થી ૬૭ |
| ૪ | તુલનાત્મક પરિસ્થિતિ : તારણો | ૬૮ થી ૭૫ |
| | પરિશિષ્ટો | ૭૬ થી ૯૭ |

# કોઠા સૂચિ


| કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧ | કુટુંબ સંખ્યા | ૨૬ |
| ૨ | કુટુંબનો પ્રકાર | ૨૮ |
| ૩ | કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ | ૨૯ |
| ૪ | વૈવાહિક દરજ્જા પ્રમાણે નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યાનું વર્ગીકરણ | ૩૨ |
| ૫ | નમૂનાના કુટુંબોની સભ્યોનું શિક્ષણ | ૩૫ |
| ૬ | મકાનનો પ્રકાર | ૩૬ |
| ૭ | ઘરવખરીના સાધનોની સંખ્યા | ૪૧ |
| ૮ | પશુધનની સંખ્યા દર્શાવતો કોઠો | ૪૩ |
| ૯ | મકાન અને ઝાડની સંખ્યા દર્શાવતો કોઠો | ૪૫ |
| ૧૦ | માલિકોના યંત્રો, ઓજારો અને ખેતીનાં સાધનોની સંખ્યા દર્શાવતો કોઠો | ૪૭ |
| ૧૧ | કમાનાર સભ્યોની સંખ્યા | ૪૮ |
| ૧૨ | જમીનનું પ્રમાણ દર્શાવતો કોઠો | ૫૨ |
| ૧૩ | નમૂનાના કુટુંબોની જુદા જુદા ધંધામાંથી પ્રાપ્ત થતી ચોખ્ખી આવક | ૫૪ |
| ૧૪ | વપરાશી ખર્ચ | ૫૮ |
| ૧૫ | દેવા વિષયક માહિતી | ૬૩ |
| ૧૬ | XXX અસ્કયામતનું પ્રમાણ | ૬૫ |

## પરિશિષ્ટ



| ક્રમ | વિગત | પાન |
| --- | --- | --- |
| ૧ | મકાનનો પ્રકાર અને મકાનનું ક્ષેત્રફળ | ૭૬ |
| ૨ | ઓરડાની સંખ્યા, દિવાલનો પ્રકાર અને છાપરાનો પ્રકાર | ૭૭ |
| ૩ | વયજૂથ પ્રમાણે વર્ગીકરણ | ૭૮ |
| ૪ | વૈવાહિક દરજ્જો | ૮૦ |
| ૫ | કુટુંબનો પ્રકાર | ૮૧ |
| ૬ | ધંધાનું વર્ગીકરણ અને કમાનાર-નહિ કમાનાર | ૮૨ |
| ૭ | શિક્ષણ | ૮૩ |
| ૮ | જમીનનું પ્રમાણ | ૮૪ |
| ૯ | નમૂનાના કુટુંબોની અસ્કયામતનું પ્રમાણ | ૮૫ |
| ૧૦ | ઝાડ અને પશુધનની માહિતી | ૮૭ |
| ૧૧ | માલિકીનાં યંત્રો-ઓજારો | ૮૮ |
| ૧૨ | વાસણો અને ફર્નિચરની માહિતી | ૮૯ |
| ૧૩ | કુલ ઉત્પાદન | ૯૧ |
| ૧૪ | કુલ આવક-ખર્ચ-ચોખ્ખી આવક | ૯૨ |
| ૧૫ | કુલ વપરાશી ખર્ચ | ૯૩ |
| ૧૬ | દેવાદાર કુટુંબો અને દેવું | ૯૫ |
| ૧૭ | હેતુવાર દેવું | ૯૬ |
| ૧૮ | વિકાસ કાર્યક્રમોનો લાભ | ૯૭ |

## પ્રકરણ - ૧

## પ્રાસ્તાવિક : તપાસ પધ્ધતિ અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

## પ્રકરણ - ૧

## પ્રાસ્તાવિક, તપાસ પધ્ધતિ, ઐતિહાસિક માહિતી

### પ્રાસ્તાવિક :

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ૧૯૬૯-૭૦માં ગુજરાતની મુખ્ય મુખ્ય આદિવાસી જાતિઓ ઉપર સંશોધન કરીને અભ્યાસગ્રંથો રચવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ઢોડિયા, ચૌધરી, ભીલ, નાયકા-નાયકડા, ગરાસિયા, વારલી જાતિનો સમાવેશ થયો હતો.ઉપરોક્ત જુદી જુદી જાતિઓની તપાસ માટે રાજ્યની આદિવાસી વસ્તી ધરાવતા આઠ જિલ્લાઓમાંથી એક એક તાલુકાનું એક એક ગામ પસંદ કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં સૌથી વધુ વસતિ ધરાવતા નાયકા-નાયકડા જાતિના અભ્યાસ માટે પંચમહાલ જિલ્લાના દે.બારિયા તાલુકાનું સાગટાળા ગામ પસંદ કરવામાં આવ્યું હતું. ૧૯૬૯ના વર્ષમાં જુદા જુદા ગામોમાં ક્ષેત્રકાર્ય પૂર્ણ કરી જે તે વિસ્તારોનો ગામોની આંકડાકીય માહિતી એકત્રિત કરીને તેનું વર્ગીકરણનું કામ પણ જે તે વર્ષમાં પૂર્ણ કરવામાં આવ્યું હતું.

નાયકા- નાયકડા જાતિના અભ્યાસ માટે ૧૯૬૯ના વર્ષમાં થયેલા ક્ષેત્રકાર્ય અને સર્વેક્ષણ પછી કેટલાક અહેવાલો તૈયાર થઈ શકયા ન હતા.

૧૯૭૯ના વર્ષમાં કેન્દ્ર દ્વારા આ અભ્યાસગ્રંથોને એજ સ્વરૂપે પ્રગટ કરવાનો નિર્ણય લેતાં, ફરીથી તેના તે જ ગામો અને તે જ કુટુંબોને લક્ષમાં રાખી પુનઃમોજણી કરવાનો નિર્ણય

કેન્દ્રની સલાહકાર સમિતિમાં લેવાયો અને આ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. તેને આધારે ૧૯૭૯માં હયાત કુટુંબોનું સર્વેક્ષણ કરી તેટલા જ કુટુંબોની માહિતી ૧૯૬૯ના વર્ષમાં થયેલી મોજણીમાંથી લઈ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો.

તપાસના ઉદ્દેશો :

૧૯૬૯ની તપાસ વખતે જુદી જુદી જાતિઓના સર્વેક્ષણ પરથી તેમની સામાજિક, આર્થિક, ધાર્મિક , શૈક્ષણિક પરિસ્થિતિને પામીને તેમના વિકાસ માટે શું કરી શકાય તે અંગેનાં પગલાં સૂચવવાનો ઉદ્દેશ હતો. ૧૯૭૯ની તપાસ વખતે પણ આ ઉદ્દેશને ધ્યાનમાં રાખી, એક દાયકામાં આ જાતિમાં આવેલા પરિવર્તનોને જોવા, પરિવર્તન કયાં વધારે જણાય છે. તે જોવું, પરિવર્તન આવવા પાછળ કયાં પરિબળોએ ભાગ ભજવ્યો છે. આ ઉપરાંત લોકોમાં વધુને વધુ જાગૃતતા આવે તે માટે વિશેષ શું કરવું જોઈએ. સાથે સાથે આ દિવાસીઓની આર્થિક, સામાજિક, ભૌતિક અને શૈક્ષણિક બાબતોમાં શું ફેરફાર થયો તે જોવાનો અને જાણવાનો આશય હતો.

૧૯૮૯ની તપાસ વખતે ઉપરોક્ત બંને ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને તેમાં થયેલા ફેરફારો જોવા અને ચકાસવા છેલ્લા એક દાયકામાં નહિ પરંતુ હવે બે દાયકાના સમયગાળાને ધ્યાનમાં લઈ તેમનામાં આવેલી જાગૃતિ વિષે, તેમની આર્થિક પરિસ્થિતિ, જીવનધોરણ, શિક્ષણ અને પોતાની અસ્કયામતોમાં કેટલે અંશે વધારો થયો. અસ્કયામતો વધવાની સાથે સાથે જીવન જીવવાના સાધનો, રોજગારી, તેમાંથી પ્રાપ્ત થતી આવકમાં કેટલો ફેર પડયો તે જોવાનો આશય આ તપાસ વખતે રાખવામાં આવ્યો હતો.

## તપાસ પધ્ધતિ :

૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ની ત્રણે વખતની તપાસની કામગીરીમાં સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નાયકા-નાયકડા જાતિના માનવશાસ્ત્રીય અધ્યયન માટે સંશોધનમાં મુલાકાત, વ્યક્તિક અને નિરીક્ષણ પધ્ધતિ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી. તપાસના ત્રણે તબક્કામાં એક પ્રશ્નાવલી તૈયાર કરીને તપાસમાં સંખ્યાત્મક અને ગુણાત્મક પાસાંઓને એક સરખું મહત્વ આપીને અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. પ્રશ્નાવલી દ્વારા સમાજજીવનને લગતા સઘળા પાસાંઓને આવરી લઈ જાત તપાસ દ્વારા, પ્રત્યક્ષ કાર્ય કરીને દરેકની મુલાકાત લઈ માહિતી મેળવવામાં આવી હતી. પુન: તપાસ વખતે ૧૯૭૯ અને ૧૯૮૯માં આ જાતિ વિષે થયેલા સંશોધનો અને દરેક જિલ્લામાં વસતિ આદિવાસી જાતિઓ વિષે માહિતી મેળવવા ગ્રંથાલયનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. જ્યાં નાયકા-નાયકડા જાતિ વિષે થયેલા સંશોધન પર આધારિત તપાસ નિબંધોનું અધ્યયન કરવામાં આવ્યું હતું.

## ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

રાજ્યમાં વસતા આદિવાસીઓમાં નાયકા જાતિ તદ્દન ભિન્ન છે. નાયકાઓ શરીરે સશક્ત, મજબૂત બાંધાના, રંગે શ્યામ અને સ્વતંત્ર મિજાજ ધરાવતી આ જાતિ અનાર્યોના વંશજો હોવાનું મનાય છે. આજે આપણે જેને આદિવાસી તરીકે ઓળખીએ છીએ તેઓ આ દેશના જ મૂળ વતનીઓ છે. આર્યો જ્યારે અહીં આવ્યા ત્યારે અહીંના લોકોને તેઓ અનાર્યો તરીકે ઓળખવા લાગ્યા વેદકાળમાં આર્યો પંજાબના બ્રહ્માવર્ત પ્રદેશમાં વસવાટ કરતા હતા. ત્યાંથી તેઓ ગંગા, જમનાના તટ પ્રદેશ તરફથી આગળ વધીને છેક કાશી અને મગધ

સુધી વિસ્તર્યા. એ વખતે આર્યોએ પોતાના કબજા હેઠળના પ્રદેશોને આર્યાવર્ત એવું નામ આપ્યું હતું. આ આર્યાવર્તની પશ્ચિમે જ ગુજરાત રાજ્ય આવેલું છે. આર્યોનો ત્રાસ તે વખતે ખૂબ વધી જતાં, આ ત્રાસમાંથી બચવા અહીંના મૂળ વતનીઓ સ્થળાંતર કરીને જંગલ અને પહાડી પ્રદેશમાં જઈને વસવા લાગ્યા. જંગલો અને પહાડોમાં વસવાટને લીધે તેમની સંસ્કૃતિમાં પણ ફેરફાર ન કરી શક્યા આજે બંગાળમાં વસતિ સંથાલ, મધ્યભારતમાં વસવાટ કરતી ગોંડ જાતિ, દક્ષિણ ભારતની ટોડા અને ગુજરાતમાં વસતી ભીલ જાતિ આ અનાર્યોના વંશમાંથી જ ઉતરી આવી છે એમ માનવામાં આવે છે.

અનાર્ય પ્રજાનાં પગલાં ગુજરાતમાં પડયાં, ત્યારે ગુજરાતનો છેક બનાસકાંઠાથી માંડીને પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ અને ડાંગની પૂર્વની સરહદો ગીચ જંગલ વિસ્તાર હતો. ગુજરાતનો સઘળો પ્રદેશ અરણ્યમય હતો. નર્મદાની દક્ષિણે ભરૂચથી માંડીને વસાઈ સુધીનો પ્રદેશ દંડકારણ્યના નામથી ઓળખાતો હતો. જેમ જેમ આર્યો ગુજરાતમાં પ્રવેશી વસવાટ માટે જંગલો સાફ કરી સ્થાયી થતા ગયા તેમ તેમ અનાર્યો ડુંગરો, ગાઢ જંગલોમાં જઈને વસવા લાગ્યા. આ પ્રદેશ અનાર્યોના વતન તરીકે ઓળખાવા લાગ્યો. આ અનાર્યો એજ આજની કહેવાતી ' રાનીપરજ ' આદિવાસી જાતિઓ જેમાં દરેક આદિવાસી જાતિઓનો સમાવેશ થાય છે.

આ બધી આદિવાસી કોમો જંગલમાં સમૂહમાં જ રહેતી તેમની સાર સંભાળ માટે એક નાયક રહેતો, જે સમગ્ર વસતિ પર દેખરેખ રાખતો. જેમ જેમ આર્યોની બીક ઓછી થતી ગઈ તેમ તેમ આ પ્રજા તેમના સંપર્કમાં આવતી ગઈ અને તેમની સાથે વસવાટ કરવા જંગલો - પહાડો છોડીને કેટલીક જાતિઓ મેદાનોમાં વસવા લાગી. આ રીતે સપાટ પ્રદેશમાં ભીલોનો એકાદ નાયક આવીને વસ્યો હશે. તેના વંશજો નાયક ઉપરથી ' નાયકા ' કે નાયકડા

કહેવાયા.

નાયકા જાતિની ઉત્પત્તિ વિષે બીજી એક માન્યતા એવી છે કે તે વખતે રજપૂત રાજાએ ભીલોના એકાદ નાયકની કન્યા સાથે લગ્ન સંબંધોથી જોડાયા હશે અને તેના વંશજો ' નાયકા ' કે 'નાયકડા ' કહેવાયા હશે. આજે નાયકાઓ લગ્ન પ્રસંગે રજપૂત કોમની જેમ કમરે તલવાર લટકાવે છે. આ રિવાજ રજપૂતોમાં પ્રચલિત છે. આથી સંભવ છે કે રજપૂતમાંથી પણ આ કોમ ઉતરી આવી હોય.

નાયકા-નાયકડા એ એક જ કોમ છે તેમાં કોઈ ભિન્નતા નથી. નાયકા કોમમાં મુખ્યત્વે ત્રણ જાતો છે. (૧) ઊંચા નાયકા (૨) નીચા નાયકા અને (૩) ચોળીવાલા નાયકા. સુરત જિલ્લામાં ઊંચા અને નીચા નાયકાઓનો વસતિ વધારે છે. આ ત્રણે કોમોમાં રોટીવ્યવહાર થઈ શકે છે. બેટી વ્યવહાર થતો નથી. જીવનધોરણ ત્રણેનું એક સરખું જોવા મળે છે. સામાજિક જીવનમાં થોડો તફાવત જોવા મળે છે. સુરત જીલ્લાના મહુવા તાલુકામાં ઊંચા નાયકાઓની જ વસતિ છે.

નાયકા શબ્દનો અર્થ :

નાયકા શબ્દની સાથે તેના અર્થનો ખ્યાલ પ્રતિપાદિત થાય છે. નાયકા એ એક અનુસૂચિત જનજાતિનો વર્ગ છે. નાયકાઓને પંચમહાલ તથા વડોદરા જિલ્લામાં નાયકા-નાયકડા તરીકે અને સુરત જીલ્લામાં નાયક તરીકે તેઓ ઓળખાય છે. ધૃણા દર્શાવવા અથવા તો તેઓ હલકા છે તેમ જણાવવા નાયક-નાયકાનું નાયકડા કરવામાં આવ્યું હોય તેમ મનાય છે. તેમની જાતિની ઓળખ ઉપરથી તો તેઓ નાયકનું એટલે કે ટોળીના આગેવાનનું કામ તેઓ મૂળ કરતા હશે તેમ કહી શકાય. તેમના ઘણા રિવાજો ધોડિયા જાતિના

રીત-રિવાજો સાથે મળતા આવે છે. જેથી પહેલા ધોડિયા જાતિના નાયક તરીકે તેઓ અગાઉ કામ કરતા હશે એમ કહી શકાય. મુસલમાન રાજાઓએ ચાંપાનેરનો નાશ કર્યો ત્યારે હિંદુ રાજાના લશ્કરમાં તેઓ નાયકો તરીકે કામ કરતા હશે, જયારે ચાંપાનેરનો નાશ થયો ત્યારે આ લોકો પંચમહાલ, વડોદરા તથા સુરત બાજુ ચાલી ગયા હશે તેમ મનાય છે. હાલમાં પણ તેમની મુખ્ય વસતિ આ ત્રણ જિલ્લાઓમાં છે. નાયકો અગાઉ લશ્કરમાં કામ કરતા હશે તેની સાબિતિ તેમના છેલ્લા ૧૦૦ વર્ષના ઇતિહાસમાં મળી રહે છે.

# પ્રકરણ - ૨

## વસતિ અને વિસ્તાર પરિચય

## પ્રકરણ - ૨

## વસતિ અને વિસ્તાર પરિચય

ગુજરાત રાજ્યમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાની સરહદ પર પથરાયેલ ડુંગરોની હારમાળાથી શરૂ થઈ, સાબરકાંઠા જિલ્લાના પોશીના, ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકો, પંચમહાલ જિલ્લાની ઉત્તર અને પૂર્વ સીમાને આવરી લેતાં વડોદરા જિલ્લાના છોટાઉદેપુર થઈ દક્ષિણમાં ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકા સુધી પહોંચતો પટ્ટીનો ડુંગરાળ અને જંગલવાળો પ્રદેશએ ગુજરાતના આદિવાસીઓનું રહેઠાણ ગણાય છે. તેમાં નાયકા જાતિની સૌથી વધુ વસતિ પંચમહાલ, વડોદરા, સુરત અને વલસાડ જિલ્લામાં આવેલી છે.

૧૯૬૧માં રાજ્યના આદિવાસી વસતિ ધરાવતા જુદા જુદા આઠ જિલ્લાઓમાં નાયકાઓની વસતિ ૧,૦૫,૧૬૭ની હતી. ૧૯૭૧માં નાયકાઓની વસતિમાં ઘણો મોટો ફેરફાર થયેલો જોવા મળ્યો હતો. જેમાં ૧૯૬૧ની વસતિ ગણતરી વખતે સુરત-વલસાડ જિલ્લાઓનું અસ્તિત્વ અલગ ન હતું. તેમજ મોટાભાગની વસતી ભીલોમાં જ ગણાવેલ હતી. ૧૯૭૧ની વસતી ગણતરી વખતે જાતિવાર વસતિની દૃષ્ટિએ જોતાં વડોદરા, પંચમહાલ અને વલસાડમાં વસતિ વધવા પામી હતી. જ્યારે સુરતમાં ઘટવા પામી હતી. ૧૯૭૧ અને ૧૯૮૧ના વર્ષોમાં નાયકા જાતિની વસતિમાં ૧૯.૪ ટકાનો વધારો થયો હતો. જે નીચેના કોઠા ઉપરથી જોઈ શકાય છે.

## ૧૯૬૧, ૧૯૭૧ અને ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતના આઠ આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓમાં નાયકાઓની વસ્તી

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૧૯૬૧ | વર્ષ ૧૯૭૧ | વર્ષ ૧૯૮૧ |
|---|---|---|---|---|
| ૧ | ડાંગ | ૧૧૭ | ૪૨૪ | ૩૩૧ |
| ૨ | વલસાડ | - | ૬૫૦૨૯ | ૭૯૦૬૩ |
| ૩ | સુરત | ૬૪૨૬૬ | ૧૭૬૧૬ | ૨૩૯૨૨ |
| ૪ | ભરૂચ | ૭૫૮ | ૧૫૪૫ | ૧૮૮૭ |
| ૫ | પંચમહાલ | ૨૬૭૬૨ | ૮૫૨૪૧ | ૯૯૧૧૬ |
| ૬ | વડોદરા | ૧૦૭૧૧ | ૫૮૫૪૬ | ૬૫૭૩૭ |
| ૭ | સાબરકાંઠા | ૨૫૧૫ | ૨૭૮૬ | ૫૧૪૮ |
| ૮ | બનાસકાંઠા | ૩૮ | ૨૧૧ | ૨૪૩ |
| | કુલ | ૧૦૫૧૬૭ X | ૨૩૧૩૯૮ % | ૨૭૫૪૪૭ % |

પ્રાપ્તિ સ્થાન :

X ગુજરાતના આદિવાસીઓ - વિમળભાઈ શાહ

% ૧૯૮૧ની વસ્તી ગણતરી પુસ્તક ( સીડયુલ ટ્રાઈબ વોલ્યુમ ગુજરાત )

% ૧૯૭૧ની વસ્તી ગણતરી પુસ્તિકા : ગુજરાત

ઉપરના કોઠા પરથી જોઈ શકાય છે કે ૧૯૬૧ અને ૧૯૭૧ ના ગાળામાં ઘણી મોટી સંખ્યાનો ઉમેરો થયો હતો. ૧૯૮૧માં પણ આ વસતિમાં થયેલા વધારાનું પ્રમાણ સવિશેષ હતુ. ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ રાજયમાં કુલ ૨૮૦૧૧૪ નાયકાઓની વસતિ હતી.

ગુજરાતમાં જુદા જુદા જિલ્લાઓમાં નાયકા-નાયકડા આદિવાસીઓની વસતિ ( ૧૯૮૧ )

| ક્રમ | જિલ્લાનું નામ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ડાંગ | ૧૭૩ | ૧૫૮ | ૩૩૧ |
| ૨ | વલસાડ | ૩૯૫૮૩ | ૩૯૪૮૦ | ૭૯૦૬૩ |
| ૩ | સુરત | ૧૨૧૩૪ | ૧૧૭૮૮ | ૨૩૯૨૨ |
| ૪ | ભરૂચ | ૯૮૨ | ૯૦૫ | ૧૮૮૭ |
| ૫ | વડોદરા | ૩૩૬૧૪ | ૩૨૧૨૩ | ૬૫૭૩૭ |
| ૬ | પંચમહાલ | ૫૦૬૬૨ | ૪૮૪૫૪ | ૯૯૧૧૬ |
| ૭ | સાબરકાંઠા | ૨૬૪૬ | ૨૫૦૨ | ૫૧૪૮ |
| ૮ | બનાસકાંઠા | ૧૩૬ | ૧૦૭ | ૨૪૩ |
| ૯ | મહેસાણા | ૯૮ | ૯૪ | ૧૯૨ |
| ૧૦ | ગાંધીનગર | ૫૨ | ૪૬ | ૯૮ |
| ૧૧ | અમદાવાદ | ૭૩૬ | ૬૨૭ | ૧૩૬૩ |
| ૧૨ | ખેડા | ૧૪૮૨ | ૧૨૩૧ | ૨૭૧૩ |

ચાલુ..

| ક્રમ | જિલ્લાનું નામ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૧૩ | જામનગર | ૧ | ૧ | ૨ |
| ૧૪ | રાજકોટ | ૧૨ | ૧૦ | ૨૨ |
| ૧૫ | સુરેન્દ્રનગર | ૬૧ | ૬૩ | ૧૨૪ |
| ૧૬ | ભાવનગર | ૧૨ | ૫ | ૧૭ |
| ૧૭ | અમરેલી | ૨૫ | ૧૮ | ૪૩ |
| ૧૮ | જૂનાગઢ | ૧૬ | ૧૫ | ૩૧ |
| ૧૯ | કચ્છ | ૩૩ | ૨૯ | ૬૨ |
| કુલ વસતિ | | ૧૪૨૪૫૮ | ૧૩૭૬૫૬ | ૨૮૦૧૧૪ |

જિલ્લાનો પરિચય :

પંચમહાલ જિલ્લાની પૂર્વે મધ્યપ્રદેશ, ઉત્તરે રાજસ્થાન રાજ્યની હદ, પશ્ચિમે ખેડા જિલ્લો અને દક્ષિણે વડોદરા જિલ્લાની સરહદ આવેલી છે. જિલ્લાનો કુલ વિસ્તાર ( ૧૯૮૧ ) ૮૮૬૬.૦ ચોરસ કિ.મી. છે. તેમાં કુલ ૯ શહેરો અને ૧૯૦૯ ગામડાઓ છે. ૧૯૭૧માં ૧૯૪૪ ગામડાઓ હતા. ૧૯૭૧ની વસતી ગણતરી પ્રમાણે જિલ્લાની કુલ વસતિ ૧૮.૫ લાખની હતી. ૧૯૮૧ કુલ વસતિ વધીને ૨૩.૨૧ લાખની થઈ હતી. પંચમહાલ જિલ્લો કુલ અગિયાર તાલુકાઓનો બનેલો છે.

જિલ્લાનો પૂર્વ અને દક્ષિણ ભાગ ડુંગરો અને જંગલ

વિસ્તારની આચ્છાદિત છે. પૂર્વ ભાગમાં અનેક નાની મોટી ટેકરીઓ અને વેરાન ડુંગરો આવેલા છે. જ્યારે દક્ષિણ પૂર્વ ભાગમાં હજુ થોડું જંગલ અસ્તિત્વમાં છે. જેથી સપાટ જમીન પણ ઓછી છે. જિલ્લાના ઉત્તર-પશ્ચિમ ભાગમાં સપાટ અને ફળદ્રુપ જમીન આવેલી છે. જિલ્લામાં સૌથી વધુ આદિવાસી વસતિ ધરાવતા પાંચ તાલુકાઓની જમીન ડુંગરાળ, ખડકાળ, ખાડાટેકરાવાળી,ઢોળાવ વાળી અને પથરાળ છે.

પંચમહાલ જિલ્લો દરિયાકિનારાથી દૂર હોવાથી ઉનાળામાં ખૂબજ ગરમી, શિયાળામાં ખૂબ ઠંડો પડે છે. વરસાદનું પ્રમાણ ઘણું અનિશ્ચિત છે. જેથી પાક પણ સારી રીતે લઈ શકાતા નથી. જિલ્લામાં મુખ્યત્વે મકાઈ, ડાંગર અને બાજરી તેમજ નાગલી જેવા પાકો થાય છે. કઠોળમાં તુવેર, મગ, મઠ, અડદ અને વાલ સારા પ્રમાણમાં પાકે છે. મુખ્ય ખોરાક પણ મકાઈ, ચોખા અને કઠોળ છે.

જિલ્લામાં મુખ્યત્વે આદિવાસી અને બિન આદિવાસીઓની વસતિ છે. બિન આદિવાસીઓમાં હિંદુ, મુસલમાન અને જૈન ધર્મીઓ છેજ્યારે આદિવાસીઓમાં નાયકા-નાયકડા, ભીલ, પટેલિયાઓ અને રાઠવાઓની વસતિ છે. જિલ્લાની કુલ વસતિમાં ૧૯૭૧ વખતે કુલ વસતિમાં ૩૮.૫ ટકા વસતિ આદિવાસીઓની, ૩.૭ ટકા વસતિ હરિજનોની અને ૫૭.૮ ૪ ટકા વસતિ બિન આદિવાસી ઓની હતી. ૧૯૮૧માં કુલ વસતિમાં આ વસતિનું પ્રમાણ વધીને અનુક્રમે ૪૧.૮ ટકા, ૩.૮ ટકા અને ૫૪.૪ ટકા થયું હતું અહીં આદિવાસીઓની વસતિમાં વધારો જોવા મળ્યો હતો.

૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે જિલ્લામાં કામ કરતી વસતિનું પ્રમાણ ૩૬.૭ ટકા હતું. રાજ્યમાં આ પ્રમાણ ૩૨.૪ ટકા

હતું. ૧૯૮૧માં જિલ્લામાં કામ કરતી વસતિનું પ્રમાણ ૪૫.૦ ટકા જેટલું હતું. જ્યારે રાજ્યની કુલ વસતિમાં કામ કરતી વસતિનું પ્રમાણ ૩૭.૩ ટકા હતું. એટલે કે રાજ્યની દ્રષ્ટિએ જિલ્લામાં કામ કરનારાઓની સંખ્યા વિશેષ હતી.

જિલ્લામાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતી એ આજીવિકાનું મુખ્ય સાધન છે. લોકોને જીવનનિર્વાહ માટે ખેતીની સાથે ખેતી-મજૂરી, પશુપાલન, અને જંગલ મજૂરી પર આધાર રાખવો પડે છે. જિલ્લામાં મુખ્યત્વે નહેર અને કૂવાઓ દ્વારા સિંચાઈ થાય છે. અહીં મુખ્યત્વે મકાઈ, ડાંગર, મગફળી, કપાસ, જુવાર, બાજરી અને શાકભાજી મુખ્ય છે. ધીરે ધીરે સિંચાઈનો વ્યાપ વધતો જાય છે.

તાલુકાનો પરિચય :

૧૯૮૧ પ્રમાણે જોઈએ તો દેવગઢ બારિયા તાલુકાનો કુલ વિસ્તાર ૧૧૪૪૬૮ હેક્ટર છે, તેમાં કુલ ૧૮૬ ગામો આવેલાં છે. ૧૯૭૧માં બારિયા તાલુકાનો કુલ વિસ્તાર ૧૧૪૪૫૫ હેક્ટર જેટલો હતો. તાલુકામાં કુલ ૧૮૭ ગામ હતાં. જેમાં ૧ શહેરનો પણ સમાવેશ થતો હતો. તાલુકાની પૂર્વે દાહોદ, ઉત્તરે સંતરામપુર, પશ્ચિમે ગોધરા અને દક્ષિણે વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકાની હદ આવેલી છે.

૧૯૭૧ મુજબ દે.બારિયા તાલુકામાં કુલ વસતિ ૨૧૯૩૭૩ ની હતી. જેમાં અનુસૂચિત જાતિની વસતિ ૬૧૧૧ અને અનુસૂચિત જનજાતિની વસતિ ૬૦૪૦૮ ની હતી. ૧૯૮૧માં તાલુકાની કુલ વસતિ ૨૭૫૧૦૪ ની થઈ હતી. જેમાં અનુસૂચિત જાતિની વસતિ ૮૨૨૫ અને અનુસૂચિત જનજાતિની વસતિ ૧૦૪૯૮૩ જેટલી

થઈ હતી.

તાલુકાનું ભૌગોલિક સ્થાન જોઈએ તો દે.બારિયા તાલુકો ૨૨ં ઉત્તર અક્ષાંશથી ૪૨ં ઉત્તર અક્ષાંસ અને ૭૩ં પૂર્વ રેખાંશથી ૫૧ં પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. તાલુકાની આબોહવા સામાન્ય રીતે ગરમ છે. માર્ચથી જૂન માસ સુધી ઉનાળા દરમ્યાન અતિશય ગરમી પડે છે. જયારે નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી શિયાળો સમસ્ત તાલુકામાં ચાલુ રહે છે. તાલુકાનો સામાન્ય વરસાદ ૧૦૮૬ મી.મી. જેટલો છે.

તાલુકામાં સગવડોની દ્રષ્ટિએ જોઈએ તો તાલુકામાં સિંચાઈનાં સાધનોમાં કુવાઓની સંખ્યા ૪૩૫૦ જેટલી હતી. નહેરો દ્વારા ૨૩ કિ.મી. જેટલી લાંબી કેનાલ પણ તૈયાર કરેલી છે. સાગટાળા મુખ્ય તળાવમાંથી પણ કેનાલની કામગીરી પૂર્ણ થયેલ છે. કુલ કુવાઓ પૈકી ૧૯૧ કુવા ઉપયોગી ન હતા. સિંચાઈ માટે ૩૬ જળાશયો હતા. કુલ કુવાઓમાંથી ઘરગથ્થુ ઉપયોગ માટેના ૧૩૮૭ કુવા હતા. કુલ પિયતના સાધનોમાં ૪૩૫૦ કૂવા, ઓઈલ એન્જિન ૫૫૦, ઈલે.મોટર ૨૭૦, ચેકડેમો ૬ અસ્તિત્વમાં હતા. આ ઉપરાંત તાલુકામાં ખેતી વિષયક ધીરાણ મંડળીઓ દૂધ સહકારી મંડળીઓ મરઘાં ઉછેર મંડળીઓ, પોષાક આહાર કેન્દ્રો આવેલા છે. તાલુકામાં સગવડતાઓની દ્રષ્ટિએ પછાત વિસ્તારોની સરખામણીઓ સારી સગવડો વરાવે છે. તાલુકામાં શિક્ષણ, પિયતનાં સાધનો, પંચાયતો અને સહકારી મંડળીઓની સારો સગવડો પ્રાપ્ય છે.

## તા. દેવગઢબારિયા જી. પંચમહાલ

| ક્રમ | વિગત | | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ |
|---|---|---|---|---|---|
| ૧ | કુલ વિસ્તાર(ચો.ગું) | | ૨૮૨૮૪૫.૨૮ | ૨૮૬૨૬૯. | ૨૮૬૧૭૨.૧૨ |
| ૨ | કુલ ઘરો | | ૩૪૨૭૨ | ૩૧૦૨૦ | ૪૨૦૩૭ |
| ૩ | કુલ કુટુંબો | | ૩૫૧૪૩ | ૩૦૪૮૮ | ૪૨૨૫૧ |
| ૪ | કુલ વસતિ | પુ | ૧૧૨૮૭૬ | ૯૦૧૪૩ | ૧૪૧૦૨૬ |
| | | સ્ત્રી | ૧૦૬૪૯૭ | ૮૪૫૬૩ | ૧૩૪૦૭૮ |
| | | કુલ | ૨૧૯૩૭૩ | ૧૭૪૭૦૬ | ૨૭૫૧૦૪ |
| | | | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૧૦૦.૦) |
| ૫ | કુલ આદિવાસી વસતિ | પુ | ૩૧૨૦૬ | ૧૮૫૬૨ | ૫૩૪૭૭ |
| | | સ્ત્રી | ૨૯૨૦૨ | ૧૭૧૨૭ | ૫૧૫૦૬ |
| | | કુલ | ૬૦૪૦૮ | ૩૫૬૮૯ | ૧૦૪૯૮૩ |
| | | | (૨૭.૬) | (૨૦.૪) | (૩૮.૨) |
| ૬ | કુલ ભણેલા | પુ | ૩૦૦૫૪ | ૧૯૫૧૧ | ૪૮૦૮૩ |
| | | સ્ત્રી | ૬૨૮૬ | ૩૮૫૪ | ૧૧૪૬૦ |
| | | કુલ | ૩૬૩૪૦ | ૨૩૩૬૫ | ૫૯૫૪૩ |
| | | | (૧૬.૬) | (૧૩.૪) | (૨૧.૬) |
| ૭ | કુલ કામ કરનારા | પુ | ૬૪૭૦૪ | ૫૩૯૧૬ | ૮૧૭૪૪ |
| | | સ્ત્રી | ૩૭૮૪૭ | ૪૪૯૦૨ | ૪૦૮૨૪ |
| | | કુલ | ૧૦૨૫૫૧ | ૯૮૮૧૮ | ૧૨૨૫૬૮ |
| | | | (૪૬.૭) | (૫૬.૬) | (૪૪.૫) |
| ૮ | કામ નહિ કરનારા | પુ | ૪૮૧૭૨ | ૩૬૨૨૭ | ૫૯૨૮૨ |
| | | સ્ત્રી | ૬૯૬૫૦ | ૩૯૬૬૧ | ૯૩૨૫૪ |
| | | કુલ | ૧૧૬૮૨૨ | ૭૫૮૮૮ | ૧૫૨૫૩૬ |
| | | | (૫૩.૩) | (૪૩.૪) | (૫૫.૫) |

## ગામનો પરિચય :

સાગટાળા ગામ પંચમહાલ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકામાં તાલુકા મથકથી ૧૬ કિ.મી.ના અંતરે આવેલું છે. તાલુકો ડુંગરો અને જંગલોથી છવાયેલો છે. સાગટાળા ગામ દે.બારિયા છોટાઉદેપુર માર્ગ પર આવેલું છે. ૧૯૬૯માં આ માર્ગ પર દિવસના ચારથી પાંચ વાર બસ આવતી. ૧૯૭૯માં આ માર્ગ પરના રૂટોની સંખ્યા વધીને ૧૦ થી ૧૨ વખત બસો આવતી થઈ હતી. ૧૯૮૯માં બસોની સંખ્યા વધી હતી. આજુબાજુનાં ગામોને બસ વ્યવહારથી સાંકળવામાં આવ્યાં હતાં. દાહોદ, બારિયા, ગોધરા અને છોટાઉદેપુર સાથે એસ.ટી. વ્યવહારથી સાગટાળા ગામ જોડાયેલું છે. ૧૯૪૭ પહેલાં આ ગામ મહાલ તરીકે ઓળખાતું હતું. આ વિસ્તારના વિકાસ માટે ૧૯૫૪-૫૫ માં ખાદીના ઉત્પાદન અને ગ્રામોદ્યોગના વિકાસ માટે આ ગામને સઘનક્ષેત્રની યોજના હેઠળ મૂકવામાં આવ્યું હતું. આ સિવાય દાહોદ ભીલ સેવા મંડળ તરફથી અને સઘન ક્ષેત્ર યોજના તરફથી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની યોજના ચાલુ કરવામાં આવી હતી. આજે આ સિવાય ખરીદવેચાણ સંઘ, ગ્રામ આરોગ્ય કેન્દ્ર, ગોડાઉન વગેરે અસ્તિત્વમાં છે. જંગલ મંડળી બંધ કરી દેવામાં આવી છે.

સાગટાળા ગામની મુખ્ય વસતિ આદિવાસી નાયકાઓની છે. આ સિવાય હરિજન અને કોળી પટેલની પણ થોડી વસતિ આવેલી છે. ૧૯૬૧ની વસતિ ગણતરી પ્રમાણે ગામની કુલ વસતિ ૪૯૪ની હતી. જેમાં ૩૧૭ નાયકા-નાયકડા, ૧૮ હરિજન અને ૧૫૯ અન્ય વસતિ હતી. જેમાંથી શિક્ષણ પામેલાઓની સંખ્યા ફક્ત ૩૭ની હતી. ૧૯૬૮માં ગામની કુલ વસ્તી ૫૬૦ની થઈ હતી.

૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગામની કુલ વસતિ ૬૧૧ ની હતી. જેમાં ૨૯૯ પુરુષો અને ૩૧૨ સ્ત્રીઓની હતી. પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વિશેષ હતી. ૧૯૮૧માં ગામની કુલ વસતિ ૭૮૧ની હતી. જેમાં ૩૩ હરિજન અને ૭૨૪ આદિવાસીઓ ની સંખ્યા હતી. કુલ ભણેલાઓની સંખ્યા ૧૧૯ની હતી.

ગામનો કુલ વિસ્તાર ૨૧૧૯. ૩૫. ૯૧ હેકટર છે. જેમાં કુલ વિસ્તારના ૯ ટકા જેટલી જમીન ખેડવા લાયક છે.

<u>સાગટાળા</u> ગામનો વિસ્તાર, વસ્તી, શિક્ષણ અને કુલ કામ કરનારની સંખ્યા

| ક્રમ | વિગત | | વર્ષ ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ |
|---|---|---|---|---|---|
| ૧ | કુલ વિસ્તાર(એ.) | | ૫૪૬૩.૨૧ | ૫૪૬૪.૦ | ૨૨૧૧.૦૨ |
| ૨ | કુલ ઘરો | | ૧૧૩ | ૯૮ | ૧૩૨ |
| ૩ | કુલ કુટુંબો | | ૧૧૩ | ૧૦૯ | ૧૩૨ |
| ૪ | કુલ વસતિ | પુ | ૨૯૯ | ૨૫૩ | ૩૭૭ |
| | | સ્ત્રી | ૩૧૨ | ૨૪૧ | ૪૦૪ |
| | | કુલ | ૬૧૧ | ૪૯૪ | ૭૮૧ |
| ૫ | કુલ આદિવાસી | પુ | ૨૭૮ | ૧૫૯ | ૩૪૯ |
| | વસતિ | સ્ત્રી | ૩૦૨ | ૧૫૮ | ૩૭૫ |
| | | કુલ | ૫૮૦ | ૩૧૭ | ૭૨૪ |

ચાલુ..

| ક્રમ | વિગત | | વર્ષ ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ |
|---|---|---|---|---|---|
| ૬ | કુલ ભણેલા | પુ | ૬૫ | ૩૫ | ૯૭ |
| | | સ્ત્રી | ૩ | ૨ | ૨૨ |
| | | કુલ | ૬૮ | ૩૭ | ૧૧૯ |
| ૭ | કુલ કામ કરનારા | પુ | ૧૯૪ | ૧૬૪ | ૨૨૦ |
| | | સ્ત્રી | ૭૪ | ૧૪૦ | ૨૫૪ |
| | | કુલ | ૨૬૮ | ૩૦૪ | ૪૭૪ |
| ૮ | કુલ કામ નહિ કરનાર | પુ | ૦૮૪ | ૮૯ | ૧૫૭ |
| | | સ્ત્રી | ૨૨૮ | ૧૦૧ | ૧૫૦ |
| | | કુલ | ૩૧૨ | ૧૯૦ | ૩૦૭ |

ખેતી લાયક જમીનની અંદર મોટાભાગે મહુડાનાં વૃક્ષો આવેલાં છે. જમીનની ભેજ સંગ્રહશક્તિ ઓછી છે. ફળદ્રુપતા પણ ઓછી છે. જમીનની સપાટીથી દોઢ બે ફૂટ નીચેના ભાગમાં પત્થરો જ આવે છે. જેથી ઊંડું ખેડાણ શક્ય બનતું નથી. આ રીતે ઓછી જમીન અને ઓછી જમીન અને ઓછી ફળદ્રુપતાને કારણે ખેત ઉત્પાદન લઈ શકાતું નથી.

પીવાના પાણીની વ્યવસ્થા :

સાગટાળા ગામનો વિસ્તાર ખૂબ મોટો હોવાથી, પીવાના પાણી માટે ઘણા કુટુંબોને મુશ્કેલીઓ વેઠવી પડે છે.ગામ કૂવાઓ કેટલાક કુટુંબોનો દૂર પડે છે.ચોમાસામાં નદી અને ઝરણાંના પાણીનો ઉપયોગ પીવા માટે કરે છે. ગામમાં માત્ર એક તળાવ

આવેલું છે. જે ડભવા ગામની સીમમાં છે. જયાં આખા ગામના ઢોરોને પાણી પાવા માટે લાવે છે. ઘણીવાર વરસાદની અછતવાળા દિવસોને લીધે આ તળાવમાં બારમાસ સુધી ચાલે તેટલું પાણી પણ હોતું નથી. તેથી ઉનાળાના દિવસોમાં ઢોરોને પાણી પાવા માટેની ઘણી મુશ્કેલીઓ ગામ લોકોને વેઠવી પડે છે.

હાલમાં પણ જીવનની ત્રણ મુખ્ય જરૂરિયાતોની બાબતમાં ગામના મોટાભાગના લોકોની સ્થિતિ દયાજનક છે. આજુબાજુના નાયકા જાતિની વસતિવાળા બેડી, માંડવ, છાસિયા વગેરે ગામોમાં વસતા નાયકાઓની આર્થિક સ્થિતિ સાગટાળાના નાયકાઓ કરતાં ખરાબ છે.જયારે બાજુના ડભવા ગામમાં વસતા નાયકાઓમાં કેટલાક આગળ પડતા પણ છે. ગામમાં અને ગામની આજુબાજુ વસતા કોળી પટેલો અને નાયકડાઓની આર્થિક સ્થિતિ વચ્ચે ખૂબ જ તફાવત રહેલો જોવા મળે છે.

આરોગ્ય :

આરોગ્યની દ્રષ્ટિએ જોતાં નાયકાઓમાં ચામડીનાં દર્દો વધુ જોવા મળે છે. દાદર, ખસ તેમજ ચામડીના દર્દોથી કેટલાક લોકો પીડાય છે. આ રોગોમાં તેઓ જંગલી વનસ્પતિનો ઉપયોગ કરતા હોય છે. દવાઓનો ઉપયોગ ખૂબ ઓછા લોકો કરે છે. ગામના છેવાડે ગામ-આરોગ્ય કેન્દ્ર ચાલે છે. આ કેન્દ્રમાં મેડિકલ ઓફિસરથી માંડીને ફીલ્ડવર્કર સુધીનો પૂરતો સ્ટાફ પણ છે.છતાં હજુયે કેટલાક પરંપરાગત માન્યતાઓને કારણે ગમે તેવી માંદગીમાં પણ ભાગ્યે જ દવાખાનાનો ઉપયોગ કરતા હોય છે. પ્રસુતિ મોટેભાગે ગામની જાણકાર સ્ત્રી ( દાયણ ) પાસે કરાવે છે. ન છૂટકે હોસ્પિટલનો સહારો લે છે. કુટુંબ નિયોજનમાં માનતા થયા છે. ગામમાં મોટાભાગની સ્ત્રીઓએ ઓપરેશન કરાવી લીધેલ છે.બે-ત્રણ

પુરુષોના પણ ઓપરેશન થયેલા જાણવા મળ્યાં છે.

રસ્તા અને વાહન વ્યવહાર :

રસ્તાની બાબતમાં ગામને ઠીક ઠીક સગવડો પ્રાપ્ત થયેલી છે. ગામમાંજ એસ.ટી. બસ સ્ટેન્ડ આવેલું છે. પરંતુ ગામનો વિસ્તાર ખૂબ મોટો હોવાથી કેટલાક કુટુંબોને દોઢ-બે કિ.મી. જેટલું ચાલીને આવવું પડતું હોય છે. ગામના લોકોને જીવન જરૂરિયાતની ચીજો ગામમાંજ પ્રાપ્ય થતી હોવાથી બસનો ઉપયોગ ખૂબ જ ઓછો કરતા હોય છે. વર્ષમાં બારિયા, છોટાઉદેપુર, દાહોદ કંઈક વધારે પડતી વસ્તુ ખરીદવાની હોય, અથવા તો ગામમાંથી મજૂરી માટે બહાર જવાનું હોય ત્યારે બસ સેવાનો ઉપયોગ કરે છે. બારિયા તાલુકા મથકે તાલુકાનું પંચાયતનું કોઈ કામ હોય ત્યારે અને 'હાટ' હોય ત્યારે તો બસમાં ઘણીવાર જગ્યા પણ મળતી નથી. હવે તો મોટાભાગના ગ્રામ વિસ્તારોને રસ્તાઓથી સાંકળી લેવાયા છે. જેથી ગામને વધુને વધુ બસ સેવા પ્રાપ્ય થતી જાય છે.

અન્ય સગવડો :

ગામમાં વ્યાજબી ભાવની સસ્તા અનાજની દુકાન, સહકારી મંડળી દ્વારા ચાલતી કાપડની દુકાન અને ગામમાં જુદી જુદી ચાર થી પાંચ કરિયાણાની દુકાનો આવેલી છે.લોકો અનાજ તેલ, ખાંડએ સહકારી સસ્તા અનાજની દુકાનેથી ખરીદે છે. કાપડ સહકારી મંડળીમાંથી ખરીદે છે. કેટલાક કુટુંબો કરિયાણાની દુકાનેથી રોજની જરૂરિયાતની વસ્તુઓ ખરીદે છે. આ ઉપરાંત ગામમાં સઘન યોજના હેઠળ એક ઘાણો પણ હાલ ચાલુ છે. જેમાં લોકો ડોળીની સીઝનમાં ડોળિયું તેલ કઢાવે છે. અને ખાવા માટે સંગ્રહ કરી રાખે છે. ગામમાં પોસ્ટ ઓફિસની પણ સગવડ છે.

ગામમાં શિક્ષણ સંસ્થાઓમાં બાલમંદિર, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, અને આશ્રમશાળાની સુવિધા છે. ગામમાં જંગલ કામદાર સહકારી મંડળી પણ છે. પરંતુ છેલ્લાં પાંચ-છ વર્ષથી બંધ અવસ્થામાં છે. ગામમાં ધિરાણ મંડળી, ખરીદ વેચાણ સંઘ, સસ્તા અનાજની દુકાન, ગ્રામ આરોગ્ય કેન્દ્ર, ગોડાઉન, વગેરે સગવડો ઉપલબ્ધ છે. ગામ લોકોની મોટાભાગની જરૂરિયાતો ગામમાંથી જ ઉપલબ્ધ હોવા છતાં તેનો લાભ ગામના માણસો કરતાં આજુબાજુના વિસ્તારનાં ગામોનાં લોકો વધુ કરતા માલુમ પડયા છે. ગામમાં પ્રાપ્ત થતી શૈક્ષણિક સુવિધાઓનો ઉપયોગ ખૂબ ઓછા બાળકો કરે છે. આટલી સુવિધાઓ ઉપલબ્ધ હોવા છતાં ગામ લોકોના દૈનિક જીવનમાં કોઈ ફેરફાર જોવા મળતો નથી.

## નાયકાઓનો દેખાવ :

નાયકાઓ શરીરે શ્યામવર્ણા, મહેનતું અને બહાદૂર પણ ઘણા હોય છે. આ વિસ્તારના નાયકાઓમાં દ્રષ્ટિગોચર થતી ગરીબાઈ તેમનું નૂર હણી લે છે. તેઓ સ્વભાવે મળતાવડા અને ખુશમિજાજી પણ છે. નાયકાઓમાં કામ કરવાની ખૂબજ શકિત છે. પરંતુ તેમનામાં રહેલી થોડી આળસને કારણે ઓછું કમાય છે. જેથી તેમની આર્થિક પરિસ્થિતિ પણ દયનીય છે.

## ખોરાક : પીણાં :

નાયકા જાતિનો ખોરાક ખૂબજ હલકો અને સાદો છે. છતાં આવકનો મોટો ભાગ ખોરાક અને પીણાં પાછળ ખર્ચાઈ જાય છે. તેઓ ખોરાકમાં મુખ્યત્વે મકાઈ, જુવાર, કઠોળ અને નહિંવત્ પ્રમાણમાં ચોખાનો ઉપયોગ કરે છે. કેટલાક કુટુંબો મકાઈની થૂલી બનાવીને ખાય છે. ખોરાકમાં મોટેભાગે હલકા ધાન્યનો વધુ

ઉપયોગ કરે છે. ઘઉં તથા ઉંચી જાતના અનાજનો ભાગ્યે જ વાર-તહેવારે ઉપયોગ કરે છે. કોઈ કોઈ વખત ખોરાકમાં મરઘાં, માછલી અને માંસનો ઉપયોગ કરે છે. જ્યારે ઘરમાં અનાજની ખેંચ હોય, પાસે અનાજ ખરીદવાના પૈસા ન હોય ત્યારે મહૂડાં બાફીને પણ ખાય છે. આ સિવાય જંગલી ફળો જેવા કે સીતાફળ, આમળાં, બોર ટીમરૂ અને ઝીંઝવાળા કંદમૂળનો ઉપયોગ ખોરાકમાં લે છે. ખાવામાં સીંગતેલનો ઉપયોગ ખૂબજ ઓછો કરે છે. સીંગતેલની વપરાશ કરતાં ડોળિયાનો ઉપયોગ વપરાશમાં વધારે છે. ચોમાસાની ઋતુમાં ડોળિયાનો ઉપયોગ વિશેષ કરે છે. ડોળિયું ન હોય ત્યારે કોઈકોઈ વાર તેલ મંગાવે છે. મીઠું, મરચાં, હળદળ મસાલાની જરૂરિયાત મુજબ રોજબરોજ-આઠ આના - રૂપિયાના મંગાવે છે. સસ્તા અનાજની દુકાનેથી પ્રાપ્ત થતાં ખાંડ, તેલ જેવી વસ્તુઓ મજૂરોના સમયે તેઓ ખરીદી કરી શકે છે. કાયમ માટે તેઓ સસ્તા અનાજની દુકાનેથી આ વસ્તુઓ ખરીદી શકતા નથી. વપરાશમાં ઘી, દૂધનો ઉપયોગ ખૂબજ ઓછા પ્રમાણમાં કરે છે.

પીણામાં ચ્હા, દૂધ વગરની મોટે ભાગે પીએ છે. સીઝનમાં નીરો, તાડી અને દારૂ પણ પીએ છે. તમાકુ અને બીડીનો ઉપયોગ કાયમી ધોરણે કરે છે. હવે તો બધા ચ્હા પીતા થયા છે. ગામમાં આવેલી ચ્હાની હોટલ પર મોટેભાગે ચ્હા પીતા નજરે પડે છે. વાર-તહેવારે અને સામાજિક પ્રસંગોએ દારૂ તો પીવાય જ છે. સ્ત્રીઓ પણ તંબાકુનો ઉપયોગ ખાવા તેમજ પીવા માટે કરે છે.

પહેરવેશ :

નાયકાઓના પહેરવેશમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળતો નથી. પુરુષો ટૂંકી પોતળી અથવા ધોતીયું ટૂંકી બાંયનું ખમીશ પહેરે છે. હવે તો મોટેભાગે ધોતિયું અને ખમીશ પહેરતા થયા છે. હજુ કેટલાક વૃધ્ધો ૬૦ વર્ષ ઉપરની ઉંમરનાં પુરુષો માત્ર લંગોટી

અને બંડી પહેરે છે. માથે ટોપી પણ પહેરતા જોવા મળ્યા છે. બહારગામ જતી વેળાએ પુરુષો સફેદ કપડાં વધારે પહેરે છે.

સ્ત્રીઓ ઓઢણા તરીકે રંગીન સાડલો અને xxx કછોટો મારીને પહેરે છે. યુવાન સ્ત્રીઓ સાડલો, ચણીયો અને બ્લાઉઝ પહેરે છે. મોટેભાગે રંગીન કપડાં તેમાંય લાલ-લીલાં રંગનાં કપડાં વધુ પસંદ કરે છે. નાના બાળકોના શરીર પર જે ઘેર રહે છે તેમની પાસે ફાટેલાં-તૂટેલાં લઘર-વઘર ઝભલાં પહેરી રાખે છે. શાળામાં જતાં બાળકો ટૂંકી ચડ્ડી અને બુશર્ટ પહેરે છે.

યુવાન છોકરાઓ કોઈકોઈ લેંગો તેમજ બુશર્ટ અને કેટલાક પેન્ટ બુશર્ટ પણ પહેરતા થયા છે. સામાન્ય રીતે નાયકાઓ કપડાંની કોઈ ખાસ દરકાર કરતા નથી.

<u>ઘરેણાં</u> :

નાયકાઓમાં સ્ત્રીઓ પહેલાં રૂપાના કે ચાંદીના ઘરેણાં પહેરતી, પગે ચાંદીનાં કલ્લાં કે સાંકળાં, હાથે ચાંદીનો પહોંચી પહેરતી હતી. પરંતુ હવે ભાગ્યે જ આ ઘરેણાં જોવા મળે છે.હવે તો બજારમાંથી પ્રાપ્ત થતી રબ્બરની બંગડીઓ, જૂઠા સૂડા,માળા વગેરે પહેરે છે. કોઈકજ સ્થિતિપાત્ર કુટુંબમાં ચાંદીનાં ઘરેણાં જોવા મળે છે.

પુરુષો પહેલાં કેડે ચાંદીની સાંકળીઓ હાથમાં પહોંચી પહેરતા હતા. કેટલાક સ્થિતિપાત્ર કુટુંબોમાં કાને ચાંદીની કે સોનાની કડીઓ પણ જોવા મળતી. પરંતુ હવે પુરુષો પાસે આવા કોઈ ખાસ ઘરેણાં જોવા મળતાં નથી. છેલ્લા બેત્રણ વર્ષોમાં પડેલા દુષ્કાળને કારણે હવે ઘરેણા તો ભાગ્યે જ જોવા મળે છે.

શિક્ષણ :

સાગટાળા ગામમાં ૧૯૫૪થી પ્રાથમિક શાળાની સ્થાપના કરવામાં આવેલી છે. ગામમાં પ્રાથમિક શાળામાં ૧૯૬૯ની પ્રથમ તપાસ વખતે ધોરણ ૧ થી ૩ સુધીનું શિક્ષણ અપાતું હતું. ૧૯૭૯ વખતે દસ વર્ષ દરમ્યાન માત્ર ૧ ધોરણ વધારીને ધોરણ ૧ થી ૪ સુધી શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થઈ શકી હતી. ૧૯૮૯ ની તપાસ વખતે પણ ધોરણ ૧ થી ૪ સુધીની જ શાળા ચાલતી હતી.

આ સિવાય સઘન કાર્યક્રમ હેઠળ સર્વોદય યોજના દ્વારા ચાલતી માધ્યમિક શાળામાં ધોરણ ૧૦ સુધીનું શિક્ષણ મળી શકે તેવી સુવિધા પણ છે. ગામમાં ભીલ સેવા મંડળ તરફથી ચાલતી સાત ધોરણ સુધીની આશ્રમશાળા પણ છે. સાગટાળાથી ૧૬ કિ.મી.ના અંતરે તાલુકા મથકે ઉચ્ચ શિક્ષણ અને કોલેજની સુવિધા પણ છે. શિક્ષણની આટલી સુવિધા છતાં નાયકાઓમાં શિક્ષણનું પ્રમાણ નહિવત્ જ રહેવા પામ્યું છે. ગામમાં ચાલતી આશ્રમશાળામાં ગામના બાળકોને પ્રવેશ નહિ મળતાં મોટાભાગે ૪ ધોરણ સુધીનું શિક્ષણ માંડ-માંડ પૂરું કરે છે.

શિક્ષણ માટેની સરકારશ્રીની વિવિધ યોજનાઓ અને લાભો મળતા હોવા છતાં નાયકા બાળકો તેનો લાભ તેમની નાજુક આર્થિક પરિસ્થિતિને કારણે લઈ શકતા નથી. દસ-બારની ઉંમર થતાં તેઓ આર્થિક પ્રવૃત્તિમાં રોકાય છે અને મહેનત- મજૂરી કરી જીવન-નિર્વાહ માટે મા-બાપની સાથે કામે લાગે છે. બીજું કે પહેલેથી જ અજ્ઞાનતાને લીધે શિક્ષણ અંગેનો ઉત્સાહ તેમનામાં જણાતો નથી. જો મા-બાપ બાળકને શિક્ષણ માટે મોકલે તો તેમનાં અમુક કામો જેવા કે ઢોર ચરાવવા, જંગલમાંથી લાકડાં કાપી લાવવા,

મહુડાનાં ફૂલ, ડોળી તથા અન્ય જંગલ પેદાશો એકઠી કરવામાં પાછળ રહી જાય અને જીવનસ્તર નિભાવવામાં વધારે મુશ્કેલી ઉભી થાય છે. તેથી ત્રણ-ચાર ધોરણ સુધીનું શિક્ષણ મેળવ્યા પછી ભાગ્યે જ આગળ શિક્ષણ મેળવે છે.

# પ્રકરણ - ૩

## સાગટાળા ગામની તુલનાત્મક પરિસ્થિતિ

( ૧૯૬૯ - ૧૯૭૯ - ૧૯૮૯ )

## પ્રકરણ - ૩

## સાગટાળા ગામની તુલનાત્મક પરિસ્થિતિ

( ૧૯૬૯ - ૧૯૭૯ - ૧૯૮૯ )

### સાગટાળા : ૧૯૬૯-૧૯૭૯ અને ૧૯૮૯ તુલનાત્મક સ્થિતિ :

૧૯૬૯ની પ્રથમ તપાસ વખતે સાગટાળા ગામમાંથી કુલ ૬૪ કુટુંબોની મુલાકાત લઈ પ્રસ્તુત અભ્યાસ હાથ ધર્યો હતો. પરંતુ પ્રથમ તપાસ વેળાએ કેટલાક કારણોસર અભ્યાસ ગ્રંથ તૈયાર થઈ શક્યો ન હતો. પરંતુ આંકડાકીય વિશ્લેષણ અને વર્ગીકરણનું કાર્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧૯૭૯ની સાલમાં જે તે આદિવાસી ગામોની પુન:તપાસ કરી, આદિવાસી ગામોની પુન:તપાસ કરી, આદિવાસી ગામોમાં અને તેમાં વસતિ જાતિઓમાં શું પરિવર્તન આવ્યું તે જાણવા પ્રથમ તપાસ વખતે અભ્યાસમાં આવરી લેવાયેલાં કુટુંબોને પુન:મોજણી વખતે પણ તેનાં તેજ કુટુંબોને લક્ષમાં લઈ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. પુન: તપાસ વખતે, પ્રથમ તપાસ વખતે અભ્યાસમાં આવરી લીધેલાં કુટુંબોમાંથી ૧૫ કુટુંબોની વડા ગુજરી જવાથી અને ૭ કુટુંબોના વડાઓએ સ્થળાંતર કર્યું હોવાથી ૪૨ કુટુંબોનો સંપર્ક કરી અભ્યાસ હાથ ધર્યો હતો એટલે કે પુન: તપાસ વખતના ૪૨ કુટુંબોને ધ્યાનમાં રાખી હયાત કુટુંબોની મુલાકાત લઈ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. ૧૯૮૯ની તપાસ વખતે પણ તેના તેજ કુટુંબોને ધ્યાનમાં લઈ આદિવાસી નાયકાઓના જીવનમાં આર્થિક, સામાજિક અને શૈક્ષણિક પરિવર્તન

ઉપરાંત તેમની અર્થોપાર્જનની પ્રક્રિયાની સાથે સાથે તેમની અસ્કયામતોમા કેટલો વધારો યા ઘટાડો થયો તે જોવા-જાણવાના આશયથી અભ્યાસ હાથ ધરવામા આવ્યો હતો. ૧૯૮૯ની તપાસ વખતે ૪૨ કુટુંબોમાંથી ૭ કુટુંબોના વડા ગુજરી ગયા હોવાથી ૩૫ કુટુંબોનો સંપર્ક કરી, પ્રત્યક્ષ મુલાકાત દ્દારા અભ્યાસ હાથ ધરી ક્ષેત્રકાર્ય કરવામાં આવ્યું હતું.

અહીં ૧૯૮૯ની પુનઃતપાસ વખતે ૧૯૬૯માં પસંદ કરેલા ૬૪ કુટુંબો પૈકોના ૧૯૭૯નો તપાસ વખતે ૪૨ હયાત કુટુંબોના સંદર્ભમાં તેમની તુલનાત્મક પરિસ્થિતિ વિષે જોઈશું.

કોઠો : ૧

કુટુંબ સંખ્યા

| ક્રમ | વિગત | | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|---|---|
| ૧ | કુલ તપાસેલ કુટુંબ સંખ્યા | | ૪૨ | ૪૨ | ૩૫ |
| ૨ | કુલ સભ્ય સંખ્યા | પુ | ૧૦૦(૪૮.૫) | ૧૨૦(૫૦.૦૦) | ૯૫(૪૮.૦) |
| | | સ્ત્રી | ૧૦૬(૫૧.૫) | ૧૨૦(૫૦.૦૦) | ૧૦૩(૫૨.૦) |
| ૩ | કુલ | | ૨૦૬(૧૦૦.૦) | ૨૪૦(૧૦૦.૦) | ૧૯૮(૧૦૦.૦) |
| ૪ | સરેરાશ કુટુંબ કદ | | ૫ | ૬ | ૬ |

કુટુંબનો સભ્ય સંખ્યા :

૧૯૬૯માં પ્રથમ તપાસ વખતે અભ્યાસમાં સાંકળી લીધેલ

કુટુંબોની સભ્ય સંખ્યા ૧૯૭૯ની તપાસના સંદર્ભમાં કુલ ૨૦૬ની હતી. જેમાં ૪૮.૫ ટકા પુરુષો અને ૫૧.૫ ટકા સ્ત્રીઓની સંખ્યા હતી. ૧૯૭૯ની પુનઃતપાસ વખતના તેના તે જ કુટુંબોની સભ્ય સંખ્યા વધીને ૨૪૦ની થઈ હતી. જેમાં ૫૦ ટકા પુરુષો અને ૫૦ ટકા સ્ત્રીઓની સંખ્યા હતી. જ્યારે ૧૯૮૯ની પુનઃતપાસ વખતે તપાસેલા હયાત ૩૫ કુટુંબોની સભ્ય સંખ્યા ૧૯૮ની હતી. જેમાં ૪૮ ટકા પુરુષો અને ૫૨ ટકા સ્ત્રીઓની સંખ્યા હતી.

૧૯૬૯ અને ૧૯૭૯ની તપાસના એક દાયકામાં કુલ સભ્ય સંખ્યામાં નમૂનાનાં કુટુંબોના સંદર્ભમાં વધારો થયેલો જોવા મળે છે. એટલે કે એક દાયકામાં કુલ સભ્ય સંખ્યામાં ૧૬.૫ ટકાનો વધારો થયો હતો. જ્યારે ૧૯૮૯ની તપાસ વખતે નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યામાં ઘટાડો થયો હતો. તે રીતે કુટુંબોની સંખ્યા પણ ઘટી હતી. કુટુંબ સંખ્યાને ધ્યાનમાં લેતાં નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યામાં કોઈ ફેરફાર જોવા મળ્યો ન હતો. ૧૯૬૯ થી ૧૯૮૯ ના સમય ગાળાની દૃષ્ટિએ સભ્ય સંખ્યામાં માત્ર ૪ % ઘટાડો જોવા મળ્યો હતો.

અહીં છેલ્લા બે દાયકામાં નમૂનાના કુલ કુટુંબોની સભ્ય સંખ્યામાં ૪ % ઘટાડો થવા પાછળ જવાબદાર પરિબળોમાં મુખ્ય કુટુંબ નિયોજનના કાર્યક્રમોનો આદિવાસી વિસ્તારમાં થઈ રહેલો અમલ ગણાવી શકાય.

<u>કુટુંબ કદ :</u>

૧૯૬૯ની પ્રથમ તપાસમાં આવરી લીધેલાં હયાત કુટુંબોના સંદર્ભમાં કુટુંબનું કદ ૫ માણસનું હતું. ૧૯૭૯માં તેજ કુટુંબોનું સરેરાશ કદ ૬ માણસોનું થયું હતું. ૧૯૮૯ની પુનઃતપાસ વખતે પણ કુટુંબનું

સરેરાશ કદ ૬ માણસોનું હતું. છેલ્લા બે દાયકા દરમ્યાન કુટુંબના કદમાં કોઇ ખાસ ફેરફાર જોવા મળ્યો ન હતો.

કુટુંબનો પ્રકાર :

ઉપર મુજબ કુટુંબની સભ્ય સંખ્યા અને કુટુંબનું કદ જોવા પછી કુટુંબના પ્રકાર વિષે જોઇએ તો ૧૯૬૯ની પ્રથમ તપાસ વખતે ૫૨.૪ ટકા કુટુંબો સંયુકત હતા અને ૪૭.૬ ટકા કુટુંબો વિભકત હતા. ૧૯૭૯ની પુનઃતપાસ વખતે સંયુકત કુટુંબોની સંખ્યામાં ઘટાડો થયો હતો. જ્યારે ૧૯૮૯ની તપાસ વખતે સંયુકત કુટુંબોની સંખ્યા વધવા પામી હતી. અને વિભકત કુટુંબોની સંખ્યા ઘટી હતી. જે નીચેના કોઠા ઉપરથી જોઇ શકાય છે.

કોઠો : ૨

કુટુંબનો પ્રકાર

| ક્રમ | વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|---|
| ૧ | કુલ કુટુંબ | ૪૨(૧૦૦.૦૦) | ૪૨(૧૦૦.૦) | ૩૫(૧૦૦.૦૦) |
| ૨ | સંયુકત | ૨૨(૫૨.૪) | ૧૯(૪૫.૩) | ૨૨(૬૨.૯) |
| ૩ | વિભકત | ૨૦(૪૭.૬) | ૨૩(૫૪.૭) | ૧૩(૩૭.૧) |

ઉપર મુજબ કોઠામાં દર્શાવ્યા પ્રમાણે કુટુંબોના પ્રકાર વિષે વર્ગીકરણ જોયા પછી કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ જોઇએ.

## કોઠો : ૩

### કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | વિગત | વર્ષ ૧૯૬૯ પુ | ૧૯૬૯ સ્ત્રી | ૧૯૬૯ કુલ | ૧૯૭૯ પુ | ૧૯૭૯ સ્ત્રી | ૧૯૭૯ કુલ | ૧૯૮૯ પુ | ૧૯૮૯ સ્ત્રી | ૧૯૮૯ કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કુલ સભ્ય સંખ્યા | ૧૦૦ | ૧૦૬ | ૨૦૬ | ૧૨૦ | ૧૨૦ | ૨૪૦ | ૯૫ | ૧૦૩ | ૧૯૮ |
| | | (૧૦૦) | (૧૦૦) | (૧૦૦) | (૧૦૦) | (૧૦૦) | (૧૦૦) | (૧૦૦) | (૧૦૦) | (૧૦૦) |
| ૨ | ૭ વર્ષથી નીચેના | ૧૯ | ૨૦ | ૩૯ | ૨૦ | ૨૧ | ૪૧ | ૧૬ | ૨૦ | ૩૬ |
| | | (૧૯.૦) | (૧૮.૯) | (૧૮.૯) | (૧૬.૭) | (૧૭.૫) | (૧૭.૧) | (૧૬.૮) | (૧૯.૪) | (૧૮.૨) |
| ૩ | ૭થી૧૪ વર્ષ | ૧૭ | ૧૪ | ૩૧ | ૧૮ | ૧૭ | ૩૫ | ૧૧ | ૧૬ | ૨૭ |
| | | (૧૭.૦) | (૧૩.૨) | (૧૫.૦) | (૧૫.૦) | (૧૪.૨) | (૧૪.૬) | (૧૧.૬) | (૧૫.૫) | (૧૩.૬) |

ચાલુ..

કોઠો : ૩.. ચાલુ..

| ક્રમ | વિગત | વર્ષ ૧૯૬૯ પુ | ૧૯૬૯ સ્ત્રી | ૧૯૬૯ કુલ | ૧૯૭૯ પુ | ૧૯૭૯ સ્ત્રી | ૧૯૭૯ કુલ | ૧૯૮૯ પુ | ૧૯૮૯ સ્ત્રી | ૧૯૮૯ કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧૫થી૨૫ વર્ષ | ૨૦ | ૩૬ | ૫૬ | ૨૬ | ૨૪ | ૫૦ | ૧૧ | ૧૬ | ૨૭ |
| | | (૨૦.૦) | (૩૪.૦) | (૨૭.૨) | (૨૧.૭) | (૨૦.૦) | (૨૦.૮) | (૧૧.૬) | (૧૫.૫) | (૧૩.૬) |
| ૫ | ૨૭થી૫૦ વર્ષ | ૪૦ | ૨૦ | ૬૦ | ૪૨ | ૪૫ | ૮૭ | ૩૧ | ૩૯ | ૭૦ |
| | | (૪૦.૦) | (૧૮.૯) | (૨૯.૧) | (૩૫.૦) | (૩૭.૫) | (૩૬.૩) | (૩૨.૬) | (૩૭.૯) | (૩૫.૪) |
| ૬ | ૫૦થી ઉપર | ૪ | ૧૬ | ૨૦ | ૧૪ | ૧૩ | ૨૭ | ૨૬ | ૧૨ | ૩૮ |
| | | (૪.૦) | (૧૫.૦) | (૯.૭) | (૧૧.૬) | (૧૦.૮) | (૧૧.૨) | (૨૭.૪) | (૧૧.૭) | (૧૯.૨) |

નોંધ : કૌંસમાં દર્શાવેલા આંકડા ટકાવારી દર્શાવે છે.

ઉપરના કોઠા ઉપરથી જોઈ શકાય છે કે ૧૯૬૯ની પ્રથમ તપાસ વખતે કુલ સભ્ય સંખ્યામાંથી ૦ થી ૬ વર્ષની વયનાં કુલ ૧૯ ટકા પુરુષો અને ૧૮.૯ ટકા સ્ત્રીઓની સંખ્યા હતી. કુલ ૧૮.૯ ટકા સભ્યો ૭ વર્ષથી નીચેના હતા. ૧૯૭૯માં કુલ સભ્ય સંખ્યાની દૃષ્ટિએ જોતા તેમાં કોઈ ફેરફાર જોવા મળ્યો ન હતો. કુલ સભ્ય સંખ્યામાં ૭ વર્ષ સુધીના કુલ ૧૭.૧ ટકા બાળકો હતાં. જયારે ૧૯૮૯માં આ સંખ્યા વધીને ૧૮.૨ ટકા થઈ હતી. જયારે ૭ થી ૧૪ વર્ષનાં અને ૧૫ થી ૨૫ વર્ષની વયનાં સભ્યાોમાં ઘણો ફેરફાર જોવા મળ્યો હતો એટલે કે ૭ થી ૨૫ વર્ષની વયના સભ્યોની સંખ્યા પ્રતિદાયકામાં ઘટવા પામી હતી. એજ રીતે ૨૭ થી ૫૦ વર્ષની વયના સભ્યોની સંખ્યામાં નહિંવત્ ફેરફાર જોવા મળ્યો હતો. ૫૦ વર્ષની ઉપરના વય ધરાવતા સભ્યોની સંખ્યા સતત વધવા પામી હતી.

ઉપરના કોઠા-૩ માં ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ના વર્ષની તપાસના સંદર્ભમાં જોઈએ તો કુટુંબની કુલ સભ્ય સંખ્યામાં વયજૂથ પ્રમાણેનો સભ્ય સંખ્યામાં ફેરફાર થયેલો જોવા મળ્યો હતો. ઉપર મુજબ સભ્ય સંખ્યાનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ જોવા પછી વૈવાહિક દરજ્જા પ્રમાણે સભ્ય સંખ્યાનું વર્ગીકરણ જોઈએ.

### કોઠો : ૪

**વૈવાહિક દરજ્જા પ્રમાણે નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યાનું વર્ગીકરણ**

| ક્રમ | વિગત | વર્ષ ૧૯૬૯ પુ | ૧૯૬૯ સ્ત્રી | ૧૯૭૯ પુ | ૧૯૭૯ સ્ત્રી | ૧૯૮૯ પુ | ૧૯૮૯ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પરિણિત | ૫૬<br>(૫૬.૦) | ૬૬<br>(૬૨.૩) | ૭૧<br>(૫૯.૨) | ૭૫<br>(૬૨.૫) | ૬૦<br>(૬૩.૨) | ૬૨<br>(૬૦.૨) |
| ૨ | અપરિણિત | ૩૬<br>(૩૬.૦) | ૩૪<br>(૩૨.૧) | ૪૫<br>(૩૭.૫) | ૪૦<br>(૩૩.૩) | ૩૦<br>(૩૧.૬) | ૪૧<br>(૩૯.૮) |
| ૩ | વિધુર/વિધવા | ૮<br>(૮.૦) | ૬<br>(૫.૬) | ૪<br>(૩.૩) | ૫<br>(૪.૨) | ૫<br>(૫.૨) | – |
| | કુલ<br>ટકા | ૧૦૦<br>(૧૦૦) | ૧૦૬<br>(૧૦૦) | ૧૨૦<br>(૧૦૦) | ૧૨૦<br>(૧૦૦) | ૯૫<br>(૧૦૦) | ૧૦૩<br>(૧૦૦) |

આગળના કોઠામાં કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ જોયા પછી ઉપરના કોઠામાં દર્શાવ્યા મુજબ નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યાનો વૈવાહિક દરજ્જો જોતાં ૧૯૬૯માં ૫૬ ટકા પુરુષો અને ૬૨.૭ ટકા સ્ત્રીઓ પરિણિત હતી. જ્યારે ૩૬ ટકા પુરુષો અને ૩૨.૧ ટકા સ્ત્રીઓ અપરિણિત હતા. વિધુર વિધવાનું પ્રમાણ જોઈએ તો ૮ ટકા પુરુષો વિધુર અને ૫.૬ ટકા સ્ત્રીઓ વિધવા હતી.

૧૯૬૯માં તેના તેજ કુટુંબોમાં પરિણિત સભ્ય સંખ્યાનું પ્રમાણ ક્રમશ: વધવા પામ્યું હતું. પરિણિત સભ્યોમાં ૫૯.૨ ટકા પુરુષો અને ૬૨.૫ ટકા સ્ત્રીઓ પરિણિત હતી. જ્યારે ૩૭.૫ ટકા પુરુષો અને ૩૩.૩ ટકા સ્ત્રીઓ અપરિણિત હતા. વિધુરની સંખ્યા ૪.૨ ટકા અને વિધવાઓનો સંખ્યા ૫.૨ ટકા હતી.

૧૯૮૯ની ત્રીજી તપાસ વખતે પણ પરિણિત પુરુષોની સંખ્યા ૬૩.૨ ટકા અને સ્ત્રીઓની સંખ્યા ૬૦.૨ ટકા હતી. જ્યારે અપરિણિત પુરુષોની સંખ્યા ૩૧.૬ ટકા અને સ્ત્રીઓની સંખ્યા ૩૯.૮ ટકા હતી. વિધુરનું પ્રમાણ ૫.૨ ટકા હતું.

ઉપરના કોઠા પરથી એ સ્પષ્ટ થાય છે કે પ્રતિ દાયકામાં પરિણિત અપરિણિતની સંખ્યામાં થોડો વધારો જોવા મળ્યો હતો. જ્યારે વિધુર અને વિધવાઓનું પ્રમાણ થોડું ઘટ્યું હતું. ૧૯૭૯થી ૧૯૮૯ના ગાળામાં અપરિણિત સ્ત્રીઓની સંખ્યામાં ક્રમશ: વધારો જોવા મળ્યો હતો. તેની પાછળનું મુખ્ય કારણ આર્થિક પરિસ્થિતિ જવાબદાર હતી.

## નમૂનાના કુટુંબોમાં શિક્ષણ :

નીચેના કોઠામાં દર્શાવ્યા મુજબ શિક્ષણની પરિસ્થિતિ

જોઈએ તો નમૂનાના કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ ઘટવા પામ્યું હતું. ૧૯૬૯માં કુલ સભ્ય સંખ્યામાં પુરુષોમાં ૮ ટકા ભણેલા હતા. જ્યારે સ્ત્રીઓમાં ૫.૭ ટકા સ્ત્રીઓ ભણેલી હતી. ૧૯૭૯માં આ પ્રમાણ ઘટીને ૫.૮ ટકા પુરુષો અને ૨.૫ ટકા સ્ત્રીઓ ભણેલી હતી. ૧૯૮૯માં કુલ સભ્ય સંખ્યામાંથી ૯૦.૯ ટકા સભ્યો અભણ હતા. કુલ પુરુષ સભ્ય સંખ્યામાંથી માત્ર ૧૨.૬ ટકા અને સ્ત્રી સભ્યોમાંથી ૫.૮ ટકા સ્ત્રીઓ ભણેલી હતી. જ્યારે ૮૭.૪ ટકા પુરુષો અને ૯૪.૨ ટકા સ્ત્રીઓ અભણ હતી.

કોઠો : ૫

નમૂનાના કુટુંબોની સભ્યોનું શિક્ષણ

| વિગત | વર્ષ ૧૯૬૯ પુ | ૧૯૬૯ સ્ત્રી | ૧૯૭૯ પુ | ૧૯૭૯ સ્ત્રી | ૧૯૮૯ પુ | ૧૯૮૯ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|
| અભણ | ૯૨ | ૧૦૦ | ૧૧૩ | ૧૧૭ | ૮૩ | ૯૭ |
| | (૯૨.૦) | (૯૪.૩) | (૯૪.૨) | (૯૭.૫) | (૮૭.૪) | (૯૪.૨) |
| ભણેલા | ૮ | ૬ | ૭ | ૩ | ૧૨ | ૬ |
| | (૮.૦) | (૫.૭) | (૫.૮) | (૨.૫) | (૧૨.૬) | (૫.૮) |
| કુલ | ૧૦૦ | ૧૦૬ | ૧૨૦ | ૧૨૦ | ૯૫ | ૧૦૩ |
| ટકા | (૧૦૦) | (૧૦૦) | (૧૦૦) | (૧૦૦) | (૧૦૦) | (૧૦૦) |

ઉપરનો કોઠો જોવાથી એટલું સ્પષ્ટ જોઈ શકાય છે કે ૧૯૬૯ થી ૧૯૭૯ના સમય ગાળામાં શિક્ષણના પ્રમાણમાં ઘટાડો થયેલો જોવા મળ્યો હતો. જ્યારે ૧૯૭૯ થી ૧૯૮૯ના દાયકામાં શિક્ષણમાં અંશતઃ વધારો જોઈ શકાય છે. પરંતુ બીજી આદિવાસી જાતિઓની સરખામણીમાં આ વધારો એ કંઈજ ન કહેવાય.

કોઠો : ૬

મકાનનો પ્રકાર

| વિગત | વર્ષ | | |
|---|---|---|---|
| | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
| - મકાનની સંખ્યા | ૪૨ | ૪૨ | ૩૫ |
| | (૧૦૦) | (૧૦૦) | (૧૦૦) |
| - મકાનનો પ્રકાર | | | |
| કાચું | ૪૦ | ૩૯ | ૩૩ |
| | (૯૫.૨) | (૯૨.૮) | (૯૪.૩) |
| પાકું | ૨ | ૩ | ૨ |
| | (૪.૮) | (૭.૨) | (૫.૭) |
| - ઓરડાની સંખ્યા | | | |
| - એક ઓરડો | ૨૦ | ૨ | ૯ |
| | (૪૭.૬) | (૪.૮) | (૨૫.૭) |
| - બે ઓરડા | ૧૦ | ૨૮ | ૧૭ |
| | (૨૩.૮) | (૬૬.૭) | (૪૮.૬) |
| - ત્રણ ઓરડા | ૧૨ | ૧૨ | ૯ |
| | (૨૮.૬) | (૨૮.૫) | (૨૫.૭) |

ચાલુ..

કોઠો:૬.. ચાલુ..

| વિગત | વર્ષ ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|
| - દિવાલનો પ્રકાર | | | |
| - સાંઠી | ૪૦ | ૩૮ | ૨૫ |
| | (૯૫.૨) | (૯૦.૫) | (૭૧.૪) |
| - વાંસ | - | ૪ | - |
| | | ( ૯.૫) | |
| - ઈંટ-માટી | ૨ | - | ૯ |
| | ( ૪.૮) | | (૨૫.૭) |
| - ઈંટ-સીમેન્ટ | - | - | ૧ |
| | | | ( ૨.૯) |
| - છાજનો પ્રકાર | | | |
| - દેશી નળિયાં | ૩૪ | ૩૬ | - |
| | (૮૧.૦) | (૮૫.૬) | |
| - દેશીનળિયાં/ થાપડા | - | - | ૧૬ |
| | | | (૪૫.૭) |
| - વિલાયતી નળિયા | ૬ | ૩ | - |
| | (૧૪.૩) | ( ૭.૨) | |
| - છાજ | ૨ | ૩ | ૧૯ |
| | ( ૪.૭) | (૭.૨) | (૫૪.૩) |

નોંધ : કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

ઉપરના કોઠામાં દર્શાવ્યા મુજબ મકાનની વિગતવાર માહિતી જોઈએ તો પ્રથમ તપાસ વખતે અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબોના કુલ ઘરોમાંથી ૯૫.૨ ટકા ઘરો એટલે કે ૪૦ ઘરો કાચા અને ૪.૮ ટકા ઘરો પાકા હતા. ૧૯૭૯નો પુન:તપાસના સમયે કાચા મકાનોની સંખ્યા ઘટીને ૩૯ થઈ હતી. એટલે કે ૯૨.૮ ટકા ઘરો કાચા અને ૭.૨ ટકા ઘરો પાકા હતા.જ્યારે ૧૯૮૯નો ત્રીજી તપાસના આધારે જોઈએ તો કુલ ઘરોમાંથી ૯૪.૩ ટકા ઘરો કાચા અને ૫.૭ ટકા ઘરો પાંકા હતા.

૧૯૬૯થી ૧૯૭૯ના દાયકામાં ઘરોની સ્થિતિમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળ્યો ન હતો. ૧૯૭૯ થી ૧૯૮૯ના દાયકામાં ઘરોની લંબાઈ અને પહોળાઈમાં થોડો તફાવત જોવા મળ્યો હતો. કેટલાક નાયકા કુટુંબોએ તેના તેજ ઘરને મોટું બનાવ્યું હતું. કેટલાકે આગળ ઓસરી ઉતારી હતી. તો કેટલાકે પશુઓ માટેનું નવું ઢાળિયું બનાવ્યું હતું.

<u>ઓરડાની સંખ્યા :</u>

૧૯૬૯ની તપાસ વખતે નમૂનાના કુટુંબોના કુલ ઘરોમાંથી ૨૦ ( ૪૭.૬ ટકા ) ઘરો એક ઓરડાવાળા, ૧૦ ઘરો બે ઓરડાવાળા અને ૧૨ ઘરો ત્રણ ઓરડાવાળા ઘરો ધરાવતા હતા. ૧૯૭૯ની તપાસ સમયે એક ઓરડાવાળા મકાનોની સંખ્યા ઘટીને માત્ર બેની થઈ હતી. એટલે કે કેટલાકે ઘરોને ઓસરી બનાવી હતી. બે ઓરડાવાળા મકાનોની સંખ્યા ૧૦થી વધીને ૨૮ની થઈ હતી.જ્યારે ત્રણ ઓરડાવાળા ઘરોની સંખ્યા ૧૨ જ હતી. ૧૯૮૯નો પુન:તપાસ વખતે બે દાયકા બાદ એક ઓરડાવાળા ઘરોની સંખ્યા ૯ની થઈ હતી. બે ઓરડાવાળા ઘરોની સંખ્યા ૨૮થી ઘટીને ૧૭ની થઈ હતી જ્યારે ત્રણ ઓરડાવાળા ઘરોની સંખ્યા ૧૨થી ઘટીને ૯ની

થઈ હતી. એટલે કે અહીં ૧૯૭૯થી ૧૯૮૯ના દાયકામાં કુટુંબોના વિભાજન થવાથી એક જ ઘરમાં એક બાજુ કુટુંબના વડા, બીજી બાજુ પરિણિત બાળકો જુદા થતાં અલગ હિસ્સો આપવામાં આવતા. બે ઓરડાવાળા ઘરોની સંખ્યા ઘટી હતી એજ રીતે ત્રણ ઓરડાવાળા ઘરોમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો.

દિવાલનો પ્રકાર :

નમૂનાના કુટુંબોના ઘરોની સ્થિતિ જોતાં તેમના ઘરોની દિવાલ આજે બે દાયકા પછી પણ તેની તેજ અવસ્થામાં જોવા મળી હતી. હા તેમાં અમુક સુધારા વધારા જોવા મળ્યા હતા. સાંઠી અને લીંપણથી લીપેલી દિવાલવાળા ઘરોની સંખ્યા ધીમે ધીમે ઘટવા પામી હતી. લોકો એકલી માટી, ઈંટ માટીની દિવાલવાળા ઘરો બનાવતા થયા હતા. ૧૯૬૯ની પ્રથમ તપાસ સમયે કુલ નમૂનાના ઘરોમાંથી ૯૫.૨ ટકા ઘરોને સાંઠીની લીપણવાળી દિવાલો હતી. ૧૯૭૯ની પુનઃતપાસ સમયે સાંઠીની દિવાલવાળા ઘરોની સંખ્યા ઘટીને ૯૦.૫ ટકા થઈ હતી. જ્યારે બે દાયકા પછી ૧૯૮૯માં આ સંખ્યા ઘટીને ૭૧.૪ ટકા થઈ હતી. ૧૯૬૯માં ઈંટ-માટીની દિવાલવાળા ઘરોની સંખ્યા નમૂનાના કુલ કુટુંબોમાંથી માત્ર બે જ ઘરોને હતી. જ્યારે ૧૯૮૯માં આવી દિવાલ ધરાવતા ઘરોની સંખ્યા વધવા પામી હતી. એટલે કે ધીરે ધીરે ઈંટ-માટીની ચણતરવાળા, ઈંટ-સીમેન્ટથી ચણેલા- પાકા મકાનોની સંખ્યામાં થોડો વધારો જોવા મળ્યો હતો.

મકાનનાં છાજનો પ્રકાર :

નમૂનાના કુટુંબોના ઘરના છાજ વિષે જોઈએ તો ૧૯૬૯ માં ૩૪ ઘરો દેશી નળિયાંથી ઢાંકેલાં, ૬ ઘરો વિલાયતી નળિયાં

વાળાં, અને ૨ ઘરો દેશી ઘાસ-પાનની છાજ વડે ઢંકાયેલાં હતાં. ૧૯૭૯ વખતે દેશી નળિયાંની છાજવાળા ૩૬ મકાનો, ૩ વિલાયતી નળિયાંની છાજવાળા ૩ મકાનો અને ૩ ઘાસ-પાનની છાજવાળાં હતાં. ૧૯૮૯ની તપાસ સમયે ૧૬ ઘરો દેશી નળિયાં અને ચાપડા વડે ઢંકાયેલાં જોવા મળ્યાં હતાં. જ્યારે ૧૯ ઘરોને છાજ ( ઘાસ-પાન)થી ઢંકાયેલાં જોવા મળ્યાં હતાં.

ટૂંકમાં નાયકાઓના ઘરોની પરિસ્થિતિ ખૂબજ દયનીય હતી. મોટાભાગના ઘરોમાં, કોઈ ખાસ પ્રકારનું પરિવર્તન જોવા મળ્યું ન હતું. આખા ગામની દૃષ્ટિએ જોઈએ તો ગામમાં માત્ર પાંચથી છ ઘરો પાકા જોવા મળ્યા હતા.

ઉપર મુજબ નાયકાઓના ઘરોની સ્થિતિ વિષે જોયા પછી ઘરવખરીનાં સાધનો વિષે જોઈએ. ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ માં તપાસેલાં નમૂનાનાં કુલ કુટુંબો પાસે ઘરવખરીનાં સાધનોમાં વાસણોનું પ્રમાણ જોઈએ તો ૧૯૬૯માં કુટુંબદીઠ સરેરાશ ૧૪ વાસણો હતા. જેમાં કોઠામાં દર્શાવ્યા મુજબ એલ્યુમિનિયમ, પિત્તળ, સ્ટીલ, માટી એમ જુદા જુદા પ્રકારનાં દરેક વાસણોનો સમાવેશ ગણતરી વખતે કરવામાં આવ્યો હતો. ૧૯૭૯ની તપાસ વખતે કુટુંબદીઠ સરેરાશ વાસણોની સંખ્યા વધવા પામી હતી. કુટુંબદીઠ સરેરાશ ૧૬ વાસણો ધરાવતા હતા. જ્યારે ૧૯૮૯ની પુનઃમોજણી વખતે કુટુંબદીઠ સરેરાશ વાસણોની સંખ્યા વધીને ૨૦ની થઈ હતી.

તપાસના ત્રણે વર્ષોમાં વાસણોની સંખ્યા વધવા પામી હતી. પરંતુ ૧૯૬૯ થી ૧૯૭૯ના દાયકામાં એલ્યુમિનિયમ અને પિત્તળના વાસણોની સંખ્યા વધી હતી. જ્યારે ૧૯૭૯થી ૧૯૮૯ના દાયકામાં એલ્યુમિનિયમ અને માટીના વાસણોની સંખ્યા ઘટી હતી. જ્યારે પિત્તળના વાસણોમાં છેલ્લા દાયકામાં કોઈ ફેર પડયો

ન હતો. ધીરે ધીરે દરેક ઘરોમાં સ્ટીલના વાસણોએ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. પહેલાં ૧૯૬૯ની તપાસ વખતે માટીનાં વાસણોમાં માટલા, અને રસોઈ બનાવવા તેમજ ખાવા માટેનાં કામ પણ મોટે ભાગે માટીનાં જોવા મળ્યા હતા. જ્યારે ૧૯૭૯ અને ૧૯૮૯ની તપાસ વખતે માટીનાં વાસણોમાં માટલાં પાણી-પીવા માટે ભરી રાખવામાં આવતાં અને રસોઈ બનાવવા તેમજ ખાવા માટેનાં કામ એલ્યુમિનિયમ અને પિત્તળ તેમજ સ્ટીલનાં વાસણોનો ઉપયોગ કરતા થયા હતા. કેટલાક ઘરોમાં તો ચા-પાણી પીવા માટેનાં કાચનાં નાનાં વાસણો પણ જોવા મળ્યા હતા.

કોઠો : ૭

ઘરવખરીનાં સાધનોની સંખ્યા

| વિગત | વર્ષ ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|
| વાસણો : | | | |
| તાંબાના વાસણો | ૫ | - | - |
| બેઠાં( પિતળનાં) | - | - | ૬ |
| એલ્યુમિનિયમ | ૮૦ | ૩૧૭ | ૧૪૯ |
| પિત્તળ | ૬૨ | ૧૫૦ | ૧૫૨ |
| સ્ટીલ | ૧ | - | ૧૫૭ |
| માટી | ૪૪૨ | ૧૭૯ | ૧૬૨ |
| કાચનાં | - | - | ૭૮ |
| અન્ય | ૧ | ૪૦ | ૯ |
| કુલ | ૫૯૧ | ૬૮૬ | ૭૧૩ |
| કુટુંબદીઠ સરેરાશ સંખ્યા | (૧૪) | (૧૬) | (૨૦) |

ચાલુ..

| વિગત | વર્ષ ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|
| **ફર્નિચરના સાધનો :** | | | |
| ખાટલા | ૧૦૬ | ૧૩૨ | ૯૪ |
| ટેબલ / ખુરશી | - | ૩ | ૧ |
| હિંચકો | - | - | ૧ |
| સાયકલ | - | - | ૩ |
| ઘડિયાળ | - | ૧ | ૪ |
| જાળ | ૩ | ૧ | ૭ |
| ફાનસ/ચીમની | ૪૨ | ૪૩ | ૩૫ |
| ટોપલાં/ટોપલીઓ | ૧૫૭ | ૧૦૧ | ૮૯ |
| ઘંટી | ૪૫ | ૪૨ | ૩૫ |
| પેટી | ૧૧ | ૪૭ | - |
| બેટરી | ૭ | ૧ | - |
| અન્ય | ૫૦ | ૧૮ | - |
| કુલ | ૪૨૧ | ૩૮૯ | ૨૬૯ |
| કુટુંબ દીઠ સરેરાશ સંખ્યા | (૧૦) | (૯) | (૯૮) |

એ જ રીતે ફર્નિચરના સાધનો વિષે જોઈએ તો નમૂનાના કુટુંબો પાસે ફર્નિચરના સાધનોમાં ખાસ કરીને ખાટલા અને ઘરવપરાશની ચીજો કે જેમાં ટોપલા/ ટોપલીઓ અને ફાનસ-ચીમની તેમજ ઘંટી સિવાય કોઈ ખાસ સાધનો જોવા મળ્યાં ન હતાં. તપાસના ત્રણેય તબક્કામાં ઘરવખરીમાં ફર્નિચરના સાધનોની સંખ્યા ઘટવા પામી હતી. ૧૯૮૯ની તપાસ સમયે બે-ત્રણ સ્થિતિ

પાત્ર કુટુંબો પાસે ઘડિયાળ અને સાયકલ જોવા મળી હતી.

ઉપર મુજબ નમૂનાના કુટુંબોના ઘરો, ઘરોની પરિસ્થિતિ, ઘરવખરીના વાસણો, ફર્નિચરનાં સાધનોની વિગતો જાણ્યા પછી તેમની પાસેનાં પશુધન, ખેત ઓજારો અને જમીન વિષયક માહિતી હવે જોઈએ.

પશુધન :

પ્રસ્તુત અભ્યાસના નમૂનાના કુટુંબો પાસેના પશુધનની વિગતો જોતાં સ્પષ્ટ થાય છે કે તપાસના ત્રણેય તબક્કામાં દરેક કુટુંબો પાસેનાં ખેતી ઉપયોગી પશુધનમાં સતત ઘટાડો થતો રહયો છે. ખેતીના ધંધામાં પૂરક એવાં દૂધાળાં ઢોર ગાય અને ભેંસોની સંખ્યામાં પણ સતત ઘટાડો જોવા મળ્યો હતો. આની સાથે સાથે મરઘાં, બતકાંની સંખ્યા પણ નહિવત્ રહી હતી. નીચેના કોઠામાં નમૂનાના કુટુંબો પાસેના પશુધનની વિગતો જોતાં આપણને તેનો વધુ ખ્યાલ આવશે.

કોઠો : ૮

પશુધનની સંખ્યા દર્શાવતો કોઠો

| વિગત | વર્ષ ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|
| ગાય | ૨૯ | ૨૫ | ૨૨ |
| ભેંસ | ૧૩ | ૧૨ | ૬ |
| ઘેટાં/બકરાં | ૬૨ | ૧૬૫ | ૭૫ |
| બળદ | ૬૮ | ૬૦ | ૫૭ |

ચાલુ..

કોઠો : ૮.. ચાલુ..

| વિગત | વર્ષ ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|
| વાછરડા | ૯ | ૧૨ | ૮ |
| વાછરડી | ૪ | ૯ | ૮ |
| પાડા | ૪ | ૬ | - |
| પાડી | ૧૪ | ૩ | ૧ |
| મરઘાં | ૨૭૯ | ૯૪ | ૮૬ |
| કુલ | ૪૮૨ | ૩૮૬ | ૨૬૩ |
| કુટુંબ દીઠ સંખ્યા | ૧૨ | ૯ | ૮ |

ઉપરના કોઠામાં દર્શાવ્યા મુજબ કુટુંબ દીઠ સરેરાશ પશુધનની સંખ્યા તપાસના ત્રણે વર્ષોમાં અનુક્રમે ૧૨, ૯ અને ૮ની હતી. જેમાં મરઘાં સિવાય આ સંખ્યા જોઈએ તો અનુક્રમે ૫, ૭ અને ૫ ની હતી. પશુધનની સંખ્યા ઘટવા પાછળ મુખ્ય અછતના વર્ષો અને નબળી આર્થિક પરિસ્થિતિ જવાબદાર ગણાવ્યાં હતાં.

કોઠો : ૯

## મકાન અને ઝાડની સંખ્યા દર્શાવતો કોઠો

| વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|
| | વર્ષ | | |
| કુટુંબ સંખ્યા | ૪૨ | ૪૨ | ૩૫ |
| મકાન સંખ્યા | ૪૬ | ૪૨ | ૪૦ |
| ઝાડની સંખ્યા | ૮૫૧ | ૧૨૯ | ૪૦૭ |
| કુટુંબદીઠ સરેરાશ ઝાડની સંખ્યા | ૨૦ | ૩ | ૧૧ |

આગળ ઉપર પશુધનની વિગતો જોયા પછી નમૂનાનાં કુટુંબો પાસેનાં કુલ ઘરો અને કુલ ઝાડ વિષેની માહિતી ઉપરના કોઠા પરથી જોઈએ. ઉપરના કોઠામાં દર્શાવ્યા મુજબ ૧૯૬૯ની પ્રથમ તપાસ વખતે નમૂનાનાં કુલ ૪૨ કુટુંબો પાસે ૪૬ મકાનો હતાં. ૧૯૭૯ની તપાસ વખતે તપાસેલાં ૪૨ કુટુંબો પાસે ૪૨ રહેવા લાયક ઘરો હતાં, જ્યારે ૧૯૮૯ની પુનઃ તપાસ વખતે નમૂનાનાં ૩૫ કુટુંબો પાસે ૪૦ ઘરો હતાં. ઘરો આગળ ઉપર જોયું તેમ મોટા ભાગનાં કાચાં હતાં. નમૂનાનાં કુટુંબો પાસેથી ત્રણેય તપાસના વર્ષોમાં ઝાડની વિગતો પણ એકત્રિત કરવામાં આવી હતી. જેમાં મોટે ભાગે મહુડા, વાંસ અને આમલીનાં વૃક્ષોનો સમાવેશ થતો હતો. ૧૯૬૯ની તપાસ વખતે નમૂનાના કુટુંબો પાસે કુટુંબદીઠ સરેરાશ ૨૦ ઝાડો હતા. ૧૯૭૯ની તપાસ વખતે આ સંખ્યા ઘટવા પામી હતી. કારણકે ૧૯૭૯ની તપાસ વખતે જંગલ ખાતાની માલિકીનાં ઝાડો નમૂનાના કુટુંબોની પાસેની જમીનમાં હોવાથી

તેની ગણતરી કુટુંબોની માલિકી તરીકે કરવામાં આવી ન હતી. ૧૯૮૯ની તપાસ વખતે દરેક કુટુંબ પાસે સરેરાશ ૧૧ ઝાડ હતાં. જેમાં ખાસ કરીને મહુડાનાં ઝાડ વિશેષ હતાં. જે તેમને અર્થોપાર્જનની દૃષ્ટિએ ખૂબજ ઉપયોગી હતાં.

માલિકોનાં યંત્રો - ઓજારો :

નમૂનાના કુટુંબો પાસેનાં માલિકોનાયંત્રો, ઓજારો અને ખેતીનાં સાધનોની માહિતી નીચેના કોઠામાં દર્શાવવામાં આવી છે. તપાસના ત્રણે તબક્કામાં નમૂનાનાં કુટુંબો પાસેનાં ખેત ઓજારો માં નહિંવત્ ફેરફાર જોવા મળ્યો હતો. ૧૯૬૯ અને ૧૯૭૯ની તપાસ વખતે ખેતી ઉપયોગી, હળ, કરબ અને સમાર જેવાં સાધનો તેમજ નાનાં ઓજારોની સંખ્યા વધવા પામી હતી. જ્યારે ૧૯૭૯ અને ૧૯૮૯ના ગાળામાં આ સાધનોની સંખ્યામાં ખાસ વધારો કે ઉમેરો થયો ન હતો. એજ રીતે તપાસના ત્રણે તબક્કામાં નમૂનાના કુટુંબો પાસે માલિકોના બે કૂવા જોવા મળ્યા હતા. વ્યક્તિગત પિયતનાં સાધનોમાં કોઈ નવા કૂવા બન્યા ન હતા. ગામનાં મુખ્ય તળાવમાંથી સિંચાઈ માટેની નહેર કાઢીને લગભગ ૭૦ ટકા જમીનનો સિંચાઈ હેઠળ આવરી લેવાનો પ્રયત્ન કર્યો છે. જે.નો ઉપયોગ દોઢ દાયકા પછી અમલી થયેલો જોઈ શકયા હતા.

## કોઠો : ૧૦

### માલિકીનાં યંત્રો, ઓજારો અને ખેતીનાં સાધનોની સંખ્યા દર્શાવતો કોઠો

| વિગત | | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|---|
| કુટુંબ સંખ્યા | | ૪૨ | ૪૨ | ૩૫ |
| ૧ | હળ | ૩૦ | ૩૫ | ૩૦ |
| ૨ | કરબ | ૨૩ | ૩૩ | ૩૨ |
| ૩ | સમાર | ૧૯ | ૩૨ | ૨૯ |
| ૪ | વાવણિયો | ૨૩ | ૩૧ | ૨૯ |
| ૫ | નાનાં ઓજારો | ૧૪૬ | ૨૨૧ | ૧૮૦ |
| ૬ | ગાડું | ૧ | ૧ | - |
| ૭ | કૂવો | ૨ | ૨ | ૨ |
| ૮ | કુલ | ૨૪૪ | ૩૫૫ | ૩૦૨ |
| ૯ | કુટુંબ દીઠ સરેરાશ સંખ્યા | ૬ | ૮ | ૯ |

ઉપરના કોઠામાં નમૂનાનાં કુટુંબો પાસેનાં ખેતી ઉપયોગી સાધનોની સંખ્યા જોયા પછી હવે કુલ તપાસેલ કુટુંબોની સભ્ય સંખ્યાને આધારે કમાનાર અને કમાનાર પર આધારિત તેમજ નહિ કમાનાર સભ્યોની વિગતો નીચેના કોઠા ઉપરથી જોઇશું

### કમાનાર અને નહિં કમાનાર સભ્યોની માહિતી :

## કોઠો : ૧૧

### કમાનાર સભ્યોની સંખ્યા

| વિગત | વર્ષ ૧૯૬૯ પુ | ૧૯૬૯ સ્ત્રી | ૧૯૭૯ પુ | ૧૯૭૯ સ્ત્રી | ૧૯૮૯ પુ | ૧૯૮૯ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|
| કુલ સભ્ય સંખ્યા | ૧૦૦ | ૧૦૬ | ૧૨૦ | ૧૨૦ | ૯૫ | ૧૦૩ |
| | (૧૦૦) | (૧૦૦) | (૧૦૦) | (૧૦૦) | (૧૦૦) | (૧૦૦) |
| કમાનાર સભ્યો | ૬૦ | ૪ | ૪૨ | - | ૩૫ | ૫ |
| | (૬૦.૦) | (૦.૧) | (૩૫.૦) | - | (૩૬.૮) | (૪.૯) |
| કમાનાર પર આધારિત | ૪ | ૭૨ | ૩૪ | ૭૦ | ૩૪ | ૫૦ |
| | (૪.૦) | (૬૭.૯) | (૨૮.૩) | (૫૮.૩) | (૩૫.૮) | (૪૮.૫) |
| નહિં કમાનાર | ૩૬ | ૩૦ | ૪૪ | ૫૦ | ૨૬ | ૪૮ |
| | (૩૬.૦) | (૩૨.૦) | (૩૬.૭) | (૪૧.૭) | (૨૭.૪) | (૪૬.૬) |

નોંધ : કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં આવરી લીધેલાં નમૂનાનાં કુલ કુટુંબો પાસેથી તપાસના ત્રણેય તબક્કામાંથી કુટુંબમાંથી કેટલા માણસો અર્થોપાર્જનની પ્રક્રિયામાં સીધા તેમજ આડકતરી રીતે જોડાયેલા છે. તેની વિગતો એકત્રિત કરાઈ હતી. તેની સઘળી વિગતો મળેલી માહિતીના આધારે વર્ગીકરણ કરીને કુલ કેટલા સભ્યો કમાનાર, કમાનાર પર આધારિત અને કમાનાર પર અવલંબિત છે તેની વિગતો ઉપરના કોઠામાં દર્શાવવામાં આવી છે.

ઉપરનો કોઠો જોતાં જણાય છે કે તપાસના પ્રથમ તબક્કામાં ૧૯૬૯ના વર્ષમાં કુલ સભ્ય સંખ્યામાંથી ૬૦ ટકા પુરુષો અને ૦.૧ ટકા સ્ત્રીઓ સીધી આર્થિક પ્રવૃત્તિ કરીને કુટુંબના ભરણપોષણ માટેની આવક મેળવતાં હતાં.જ્યારે ૪ ટકા પુરુષો અને ૬૭.૯ ટકા સ્ત્રીઓ કમાનાર સભ્યોને આર્થિક પ્રવૃત્તિમાં, અર્થોપાર્જનની પ્રક્રિયામાં મદદરૂપ થઈ કુટુંબના ભરણપોષણ માટેની આવક મેળવવામાં ઉપયોગી થતાં હતાં. જ્યારે ૩૬ ટકા પુરુષો (જેમાં ૧૨ વર્ષથી નીચેની વયના બાળકોનો સમાવેશ થતો હતો) અને ૩૨ ટકા સ્ત્રીઓ કમાનાર પર સીધા આધારિત હતા.

૧૯૭૯ની તપાસ વખતે કુલ સભ્ય સંખ્યામાંથી ૩૫ ટકા પુરુષો સીધા આર્થિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. જ્યારે ૨૮.૩ ટકા પુરુષો અને ૫૮.૩ ટકા સ્ત્રીઓ આર્થિક પ્રવૃત્તિમાં મદદરૂપ થતાં હતાં અને કમાનાર સભ્યોને આવક મેળવી આપવામાં સહાયભૂત થતાં હતાં જ્યારે ૩૬.૭ ટકા પુરુષો અને ૪૧.૭ ટકા સ્ત્રીઓ કમાનાર સભ્યો પર સીધાં આધારિત હતા એટલે કે કોઈપણ પ્રકારની આર્થિક પ્રવૃત્તિ કરતાં ન હતાં.

૧૯૮૯ની તપાસ સમયે કુલ નમૂનાનાં તપાસેલ કુટુંબોની સભ્ય સંખ્યાને આધારે જોતાં કુલ સભ્ય સંખ્યામાંથી ૩૬.૮ ટકા પુરુષો અને ૪.૯ ટકા સ્ત્રીઓ કમાનાર, ૩૫.૮ ટકા પુરુષો અને ૪૮.૫ ટકા સ્ત્રીઓ કમાનાર પર આધારિત અને ર૭.૪ ટકા પુરુષો અને ૪૬.૬ ટકા સ્ત્રીઓ નહિ કમાનાર હતાં.

ઉપર મુજબ કમાનાર અને નહિ કમાનાર સભ્ય સંખ્યાનું વિશ્લેષણ જોતાં સ્પષ્ટ થાય છે કે તપાસના ત્રણેય તબક્કામાં કુટુંબમાં નહિ કમાનાર સભ્યોનું પ્રમાણ ઠીક ઠીક પ્રમાણમાં જોવા મળ્યું હતું. જો કે ૧૯૬૯ થી ૧૯૭૯ના દાયકા કરતાં ૧૯૭૯થી ૧૯૮૯ના દાયકામાં નહિં કમાનાર સભ્યોની સંખ્યામાં પુરુષોની સંખ્યા ઘટી હતી. આ દાયકામાં કમાનાર સભ્યો પર નહિ કમાતા સભ્યોનું ભારણ ઘટતું જોવા મળ્યું હતું. એટલે કે કુટુંબમાંથી મોટાભાગના સભ્યો કુટુંબના જીવન સ્તરને નિભાવવા-ભરણપોષણ માટેની આવક મેળવી આપવામાં મદદરૂપ થવા કોઈને કોઈ આર્થિક પ્રવૃત્તિમાં રોકાયાં હતાં. ગામમાં મળતી રોજગારીમાં નહેરના કામને લીધે થોડા વધુ માણસો કામ કરવા લાગ્યાં હતાં.બીજી કોઈ આર્થિક પ્રવૃત્તિનો ગામમાં વિકાસ ન થવાથી માત્ર ખેતીની જમીન-ખેતીકામ કરીને અને બહારની મજૂરી પર લોકો અવલંબિત હતા. ગામમાં દરેક કુટુંબો પાસેની જમીન પણ નહિવત્ હોવાથી મોટાભાગના કુટુંબોને બહારની મજૂરી કરવા અને અર્થ મેળવવા માટે સ્થળાંતર કરવું પડતું હતું.

## નમૂનાનાં કુટુંબો પાસેની જમીનનું પ્રમાણ :

સાગટાળા ગામમાં વસતા નાયકાઓનો મુખ્ય વ્યવસાય ખેતી અને ગૌણ વ્યવસાય તરીકે જંગલ ગૌણ પેદાશ એકઠી કરવાનો

અને જંગલ મજૂરીનો હતો. પરંતુ છેલ્લા કેટલાંક વર્ષોથી ગામમાં ચાલતી જંગલ કામદાર સહકારી મંડળી બંધ અવસ્થામાં હોવાથી* જંગલના કૂપોનું કામ સરકારશ્રીએ જંગલ મંડળીઓની કોઈ કારણોસર આપવાનું બંધ કરવાથી જંગલ મજૂરીની જગ્યાઓ હવે મોટેભાગે ખેતી, ખેતી મજૂરી અને છૂટક મજૂરી પર લોકોને આધાર રાખવો પડે છે. ખેતીનો વ્યવસાય પણ એવો છે કે તેનો મુખ્ય આધાર જે તે વિસ્તારની જમીન, આબોહવા અને વરસાદ પર રહે છે. સારી જમીન, સારો વરસાદ હોય તો ખેતી ઉત્પાદન સારું મેળવી શકાય. પરંતુ આ વિસ્તારની જમીન અને નમૂનાના કુટુંબો પાસેની જમીનનું પ્રમાણ જોતાં, જમીનનું પ્રમાણ ઘણું ઓછું, જમીનની જાત ઘણા હલકા પ્રકારની અને ઢોળાવોવાળી તેમજ ખડકાળ હોવાથી, ઓછી ફળદ્રુપતાને લીધે ચોમાસામાં મકાઈ અને કેટલીક નીચાણવાળી જમીનમાં ડાંગરના પાક સિવાય અન્ય પાકોની શક્યતાઓ ઘણી ઓછી છે. શિયાળુ વાવેતર પણ નહિવત્ જ લઈ શકાય છે. વળી આ વિસ્તારની વરસાદની અનિશ્ચિતતાને કારણે ઘણીવાર પાક પણ નિષ્ફળ જાય છે તેથી ધારેલું ઉત્પાદન લઈ શકાતું નથી. જેથી નમૂનાના કુટુંબોને તેમની પાસેની જે ઓછી જમીન હતી તેના પર બધો આધાર રાખી શકાતો ન હતો. ઓછી જમીનના કારણે બીજી આર્થિક પ્રવૃત્તિ પર આધાર રાખવો પડતો હતો.

કોઠો : ૧૨

જમીનનું પ્રમાણ દર્શાવતો કોઠો

| વિગત | વર્ષ | | |
| --- | --- | --- | --- |
| | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
| કુલ કુટુંબ | ૪૨ | ૪૨ | ૩૫ |
| કુલ જમીન | ૧૧૪.૧૫ | ૧૪૮.૧૮ | ૧૧૮.૦૫ |
| કુટુંબ દીઠ સરેરાશ જમીન( એ.ગૂંઠા) | ૨.૭ | ૩.૫ | ૩.૧૫ |

ઉપરના કોઠામાં નમૂનાના કુટુંબો પાસેની જમીનનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. તપાસના ત્રણે તબકકામાં નમૂનાના કુટુંબોની ધારણ કરેલી જમીનનું પ્રમાણ ( કુટુંબ દીઠ સરેરાશ ) જોતાં ૧૯૬૯માં કુલ ૧૧૪.૧૫ એકર જમીન ૪૨ કુટુંબો પાસે હતી. કુટુંબદીઠ સરેરાશ ૨.૭ એકર જમીન દરેક કુટુંબ પાસે હતી. ૧૯૭૯માં કુલ જમીન ૧૪૮.૧૮ એકર થઈ હતી. જેમાં જંગલ ખાતાની જમીનનો પણ સમાવેશ થતો હતો. એટલે કે કુટુંબદીઠ સરેરાશ જમીન વધીને ૩.૫ એકર થઈ હતી. જયારે ૧૯૮૯ની તપાસ વખતે નમૂનાનાં ૩૫ કુટુંબો પાસે કુલ ૧૧૮.૦૫ એકર જમીન થઈ હતી. એટલે કે કુટુંબદીઠ સરેરાશ જમીનમાં કોઈ ફેરફાર જોવા મળ્યો ન હતો. કુટુંબદીઠ જમીનનું પ્રમાણ જોતાં અને કુટુંબદીઠ સરેરાશ સભ્યોની સંખ્યા જોતાં તેમાંથી મળતું ઉત્પાદન કુટુંબના જીવનનિર્વાહ માટે અપૂરતું હતું. વળી ખેતીમાંથી થતું ઉત્પાદન પણ ખૂબજ ઓછું હતું.

ખેતીમાંથી થતું ઉત્પાદન :

નાયકા જાતિનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. ખેતી સિવાય તેઓ ખેતી મજૂરી, જંગલ મજૂરી અને વન્ય પેદાશ એકઠી કરીને રોજી-રોટી મેળવતા હોય છે. નાયકાઓ પાસે ખેતીના સાધનો ઘણા ઓછા, જૂના પુરાણા હોવાથી સારી ખેતી કરી શકતા નથી. આ વિસ્તારમાં સિંચાઈની સગવડનો અભાવ હોવાથી ચોમાસા સિવાય બીજી ઋતુમાં કંઈ ઉત્પાદન લઈ શકાતું નથી. વળી ખેતીમાંથી પ્રાપ્ત થતું ઉત્પાદન પણ ઘણું ઓછું હતું સાથે સાથે ખેતીમાં પણ ખેત સાધનો, બિયારણો, ખાતરોની કિંમત દિવસે દિવસે વધતી જતી હોવાથી ખેતી ખર્ચાળ પુરવાર થઈ છે. એની સામે ઉત્પાદન ઘટવા પામ્યું છે. તપાસના ત્રણે તબક્કામાં જે તે વર્ષના ઉત્પાદનની માહિતી મેળવવામાં આવી હતી.

૧૯૬૯ની તપાસ વખતે ખેત ઉત્પાદનની મેળવેલી માહિતી અનુસાર કુલ ૧૯૯૭૦ રૂા.નું ઉત્પાદન નમૂનાના કુટુંબોએ મેળવ્યું હતું. ૧૯૭૯માં તેજ કુટુંબોએ ૩૯૪૫૦ રૂા. નું ઉત્પાદન મેળવ્યું હતું. જ્યારે ૧૯૮૯ની તપાસ વખતે નમૂનાના કુલ કુટુંબોએ ખેતીમાંથી ૨૦૬૨૯૦ રૂપિયાનું ઉત્પાદન પ્રાપ્ત કર્યું હતું.

ઉપર મુજબ ઉત્પાદનની કિંમત જોતાં ઉત્પાદનમાં ઘણો મોટો તફાવત જોવા મળે છે. પરંતુ જે તે વર્ષના ભાવોને ધ્યાનમાં લેતાં ઉત્પાદનમાં કોઈ ખાસ વધારો થતો નથી. બલ્કે ઉત્પાદન ઘટવા પામ્યું છે. ભાવો જરૂર વધ્યા છે, પરંતુ વધતા જતા ભાવોના સંદર્ભમાં ખેત ઉત્પાદકોને કાંઈ જ મળતર રહેતું નથી.

આવક :

નમૂનાના કુટુંબોને જીવનનિર્વાહ માટેની આવક મેળવવા માટે જુદા જુદા વ્યવસાયો પર આધાર રાખવો પડતો હતો.તપાસમાં આવરી લીધેલા નમૂનાના કુટુંબોને ખેતી, પશુપાલન, મજૂરી, જંગલ મજૂરી, વન્ય પેદાશ એકઠી કરવી, નોકરી અને અન્ય વ્યવસાયમાં ઘાસ કાપવાની મજૂરી, નીરાઉતારીને વેચવો, છૂટક કામ ધંધો કરીને આવક મેળવતાં હતાં. પ્રસ્તુત તપાસમાં આવરી લીધેલાં નમૂનાના કુટુંબોને ઉપરોક્ત જુદા જુદા વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી આવકનું પ્રમાણ નીચેના કોઠામાં દર્શાવ્યું છે.

કોઠો : ૧૩

નમૂનાના કુટુંબોનો જુદા જુદા ધંધામાંથી પ્રાપ્ત થતી ચોખ્ખી આવક

| વિગત | વર્ષ | | |
|---|---|---|---|
| | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
| ૧ ખેતી | ૧૬૯૮૦ | ૨૮૮૨૦ | ૭૭૧૧૫ |
| | (૪૧.૨) | (૩૧.૧) | (૩૯.૧) |
| ૨ પશુપાલન | ૩૦૮૫ | ૯૪૯૦ | ૧૬૯૪૦ |
| | ( ૭.૫) | (૧૦.૩) | ( ૮.૬) |
| ૩ ખેતી મજૂરી | ૨૨૦૦ | ૬૨૫૫ | ૬૪૨૪૦ |
| | ( ૫.૩) | ( ૬.૮) | (૩૨.૬) |

ચાલુ..

કોઠો : ૧૩.. ચાલુ..

| વિગત | વર્ષ ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|
| ૪ જંગલ મજૂરી | ૧૨૯૨૫<br>(૩૧.૩) | ૨૩૮૬૫<br>(૨૫.૮) | - |
| ૫ વન્ય પેદાશ | ૨૮૩૦<br>( ૬.૯) | ૧૪૯૯૫<br>(૧૬.૨) | ૩૫૯૬૦<br>(૧૮.૨) |
| ૬ નોકરી | ૨૧૬૦<br>( ૫.૨) | ૪૧૧૦<br>( ૪.૪) | ૩૦૦૦<br>( ૧.૫) |
| ૭ અન્ય | ૧૦૭૮<br>( ૨.૬) | ૪૯૯૫<br>( ૫.૪) | - |
| ૮ કુલ આવક | ૪૧૨૫૦<br>(૧૦૦.૦) | ૯૨૫૩૦<br>(૧૦૦.૦) | ૧૯૭૨૫૫<br>(૧૦૦.૦) |
| ૯ કુટુંબદીઠ વાર્ષિક આવક | ૯૮૨ | ૨૨૦૩ | ૫૬૩૬ |
| ૧૦ કુટુંબદીઠ માસિક આવક | ૮૨ | ૧૮૪ | ૪૭૦ |
| ૧૧ માથાદીઠ વાર્ષિક આવક | ૨૦૦ | ૩૮૬ | ૯૯૬ |
| ૧૨ માથાદીઠ માસિક આવક | ૧૭ | ૩૨ | ૮૩ |

ઉપરના કોઠામાં દર્શાવ્યા મુજબ જોઈએ તો નમૂનાના કુલ કુટુંબોને ૧૯૬૯ની પ્રથમ તપાસ વખતે કુલ આવકના ૪૧.૨ ટકા આવક ખેતી, ૭.૫ ટકા આવક પશુપાલન, ૫.૩ ટકા આવક

ખેતી મજૂરી, કે જેમાં બહારનો મજૂરીનો પણ સમાવેશ થતો હતો. ૩૧.૩ ટકા આવક જંગલ મજૂરી(કૂપકામ) ૬.૯ ટકા આવક વન્ય પેદાશોમાંથી ૫.૨ ટકા આવક નોકરી અને ૨.૬ ટકા આવક અન્ય રોજગારીમાંથી પ્રાપ્ત થતી હતી.

૧૯૭૯માં કુલ આવકના ૩૧.૧ ટકા જેટલી આવક ખેતીના વ્યવસાયમાંથી, ૧૦.૩ ટકા આવક પશુપાલન, ૬.૮ ટકા આવક ખેતી મજૂરીમાંથી, ૨૫.૮ ટકા આવક જંગલ મજૂરીમાંથી, ૧૬.૨ ટકા આવક વન્ય પેદાશોમાંથી, ૪.૪ ટકા આવક નોકરી અને ૫.૪ ટકા આવક અન્ય વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી હતી.

૧૯૮૯ની પુનઃ તપાસ વખતે કુલ આવકના ૩૯.૧ ટકા આવક ખેતીમાંથી, ૮.૬ ટકા આવક પશુપાલનના વ્યવસાયમાંથી, ૩૨.૬ ટકા આવક ખેતી મજૂરીમાંથી, ૧૮.૨ ટકા આવક વન્ય પેદાશોમાંથી, ૧.૫ ટકા આવક નોકરીની હતી.

તપાસના ત્રણે તબક્કામાં આવકની દ્રષ્ટિએ જોઈએ તો ૧૯૬૯ અને ૧૯૭૯ના દાયકામાં આવક ઘટવા પામી હતી. જ્યારે ૧૯૭૯ થી ૧૯૮૯ના દાયકામાં કુટુંબદીઠ ખેતીની આવક વધી હતી. જ્યારે પશુપાલનની આવકમાં તપાસના ત્રણે તબક્કામાં ખાસ ફેરફાર જોવા મળ્યો ન હતો. નમૂનાના કુટુંબોને ખેતી અને પશુપાલન ઉપરાંત મજૂરી જીવન નિર્વાહ માટેનું મુખ્ય સાધન પુરવાર થયું હતું. ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ની ત્રણે તપાસ વખતે ખેતી મજૂરીની આવક વધવા પામી હતી. એટલે કે ખેતી પછી ખેતીમજૂરીએ આવકનું મુખ્ય સાધન બન્યું હતું. જંગલ મજૂરીમાંથી પ્રાપ્ત થતી આવકનું પ્રમાણ જોઈએ તો ૧૯૬૯ અને ૧૯૭૯ના ગાળામાં જંગલ મંડળી કાર્યરત હોવાથી કુલ આવકના અનુક્રમે ૩૧.૩ ટકા અને ૨૫.૮ ટકા જેટલી આવક જંગલ મજૂરીમાંથી પ્રાપ્ત થતી હતી. ૧૯૮૯ની તપાસ વખતે જંગલ

કામદાર સહકારી મંડળીને કૂપ ન ફાળવ્યા હોવાથી તેના સભાસદોને કોઈ રોજગારી મળી ન હતી. જંગલ મજૂરી કરનાર દરેક સભ્યો જંગલ ગૌણ પેદાશ એકઠી કરવામાં રોકાયા હતા. વન્ય પેદાશોમાંથી નમૂનાના કુટુંબોને ૧૯૬૯ની તપાસ વખતે કુલ આવકના ૬.૯ ટકા જેટલી આવક પ્રાપ્ત થતી હતી. ૧૯૭૯માં વન્ય પેદાશોની આવક વધીને ૧૬.૨ ટકા જેટલી થઈ હતી. જ્યારે ૧૯૮૯માં આ આવક વધીને કુલ આવકના ૧૮.૨ ટકા જેટલી આવક વન્ય પેદાશોમાંથી મળતી હતી. જયારે નોકરીની આવક નહિવત હતી.

નમૂનાના કુટુંબોની કુલ આવકના સંદર્ભમાં કુટુંબદીઠ વાર્ષિક આવક જોઈએ તો તપાસના પ્રથમ તબકકામાં કુટુંબદીઠ વાર્ષિક ૯૮૨ રૂા.ની કુટુંબદીઠ માસિક ૮૨ રૂા. અને માથાદીઠ વાર્ષિક આવક ૨૦૦ રૂા. તેમજ માથાદીઠ માસિક આવક ૧૭ રૂા. જેટલી હતી. ૧૯૭૯ની પુનઃતપાસ વખતે કુટુંબદીઠ વાર્ષિક અને માસિક તેમજ માથાદીઠ વાર્ષિક અને માસિક આવકમાં વધારો થયો હતો. જ્યારે ૧૯૮૯ની પુનઃ તપાસ વખતે કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક વધીને અઢી ગણી થઈ હતી. એજ રીતે કુટુંબદીઠ માસિક આવક, માથાદીઠ વાર્ષિક આવક પણ વધી હતી.

તપાસના ત્રણે તબકકાઓમાં નમૂનાના કુટુંબોની સરેરાશ વાર્ષિક અને માસિક આવકમાં આપણને ઘણો મોટો તફાવત જોવા મળે છે. પરંતુ જે તે વર્ષના ઉત્પાદનના ભાવોને ધ્યાનમાં લેતાં આવકનું પ્રમાણ નહિવત્ જ વધ્યું હતું. એજ રીતે ખેતી ઉપયોગની ચીજવસ્તુઓ, ખાતર-બિયારણો પણ મોંઘા થતાં તેની સામે ઉત્પાદન ખર્ચ પણ વધ્યું હતું. ટૂંકમાં નાયકાઓની પરિસ્થિતિ વિષે જોતાં તપાસના ત્રણે તબકકામાં કોઈ ફેરફાર જોવા મળ્યો ન હતો.

## વપરાશો ખર્ચ :

તપાસમાં આવરી લીધેલા નમૂનાના કુટુંબોનું વપરાશી ખર્ચ જોઈએ તો ૧૯૬૯ની તપાસ વખતે કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક ખર્ચ જુદી જુદી વપરાશી ચીજ વસ્તુઓ પાછળ ૭૦૬ રૂા.નું હતું.જ્યારે ૧૯૭૯માં આ ખર્ચ વધીને બમણા કરતાં પણ વધારે થયુંહતું. નમૂનાના દરેક કુટુંબોને વપરાશી ખર્ચમાં લગભગ ૧૬૯ ટકા જેટલો વધારો થયો હતો, જ્યારે ૧૯૮૯માં કુટુંબદીઠ કુલ વપરાશી ખર્ચ વધીને ૪૫૫૫ રૂા. જેટલું થયું હતું. એટલે કે ૧૩૦ ટકા જેટલો વધારો થયો હતો. નમૂનાના કુટુંબોના વપરાશો ખર્ચમાં થયેલા વધારાના ※ સંદર્ભમાં, જુદી જુદી વપરાશી ચીજવસ્તુઓ પાછળ થતા કુલ ખર્ચના સંદર્ભમાં જોઈએ તો કોઈ ખાસ ફેરફાર થયો ન હતો. પરંતુ છેલ્લા બે દાયકામાં વધેલા ભાવાોની દષ્ટિએ ખર્ચમાં વધારો ચચૂક જોઈ શકાય છે.

કોઠો : ૧૪

વપરાશી ખર્ચ

| વિગત | વર્ષ | | |
|---|---|---|---|
| | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
| અનાજ/કઠોળ | ૧૭૩૫૦ | ૩૫૯૯૫ | ૬૬૭૦૫ |
| | (૫૮.૫) | (૪૩.૪) | (૪૧.૯) |
| શાકભાજી/ફળફળાદિ | ૪૯૦ | ૨૨૫૦ | ૫૨૪૦ |
| | (૧.૭) | (૨.૭) | (૩.૩) |
| માંસ-ઈંડાં | ૧૨૦૦ | ૧૨૩૫ | ૨૨૧૫ |
| | (૪.૧) | (૧.૫) | (૧.૪) |

ચાલુ..

કોઠો : ૧૪.. ચાલુ..

| વિગત | વર્ષ | | |
|---|---|---|---|
| | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
| દૂધ/ઘી | ૮૯૦ | ૨૭૪૫ | ૫૮૮૦ |
| | (૩.૦) | (૩.૪) | (૩.૭) |
| ખાંડ-ગોળ | ૧૧૮૦ | ૩૩૭૦ | ૬૫૧૫ |
| | (૪.૦) | (૪.૧) | (૪.૦) |
| તેલ | ૧૧૧૦ | ૧૨૧૦ | ૬૪૦૦ |
| | (૩.૮) | (૧.૫) | (૪.૦) |
| ચા-કોફી | ૩૨૦ | ૭૮૫ | ૨૭૨૫ |
| | (૧.૨) | (૧.૦) | (૧.૭) |
| ગરમમસાલા | ૯૪૦ | ૧૮૬૫ | ૩૩૨૦ |
| | (૩.૨) | (૨.૨) | (૨.૧) |
| દારૂ | ૩૬૫ | ૨૩૨૫ | ૨૧૦૦ |
| | (૧.૨) | (૨.૮) | (૧.૩) |
| બીડીતમાકુ | ૯૧૦ | ૩૬૮૫ | ૪૦૯૫ |
| | (૩.૧) | (૪.૪) | (૨.૬) |
| બળતણ | ૪૨૦ | ૧૨૮૫ | ૯૦૬૦ |
| | (૧.૪) | (૧.૫) | (૫.૭) |
| મુસાફરી | ૨૬૦ | ૨૨૦૦ | ૯૮૧૦ |
| | (૦.૯) | (૨.૬) | (૬.૨) |
| કપડાં/જોડા | ૨૪૨૦ | ૨૨૪૮૦ | ૨૪૪૯૫ |
| | (૮.૨) | (૨૭.૧) | (૧૫.૪) |
| શિક્ષણ | ૨૦ | - | ૫૨૦ |
| | (૦.૧) | | (૦.૩) |

ચાલુ..

કોઠો : ૧૪.. ચાલુ..

| વિગત | વર્ષ | | |
|---|---|---|---|
| | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
| દવા દારૂ | ૨૬૫ | ૧૫૨૫ | ૪૭૨૦ |
| | (૦.૯) | (૧.૮) | (૩.૦) |
| સામાજિક-ધાર્મિક | ૧૪૦૫ | - | ૫૪૮૦ |
| | (૪.૭) | | (૩.૪) |
| કુલ ખર્ચ | ૨૯૬૩૫ | ૮૨૯૩૫ | ૧૫૯૨૮૦ |
| | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૧૦૦.૦) |
| કુટુંબદીઠ વાર્ષિક | ૭૦૬ | ૧૯૭૫ | ૪૫૫૫ |
| કુટુંબદીઠ માસિક | ૫૯ | ૧૬૫ | ૩૭૯ |
| માથાદીઠ વાર્ષિક | ૧૪૪ | ૩૪૬ | ૮૦૪ |
| માથાદીઠ માસિક | ૧૨ | ૨૯ | ૬૭ |

નમૂનાના કુટુંબોના વપરાશી ખર્ચની વિગતો ઉપરના કોઠામાં દર્શાવવામાં આવી છે. કોઠા પરથી જોઈ શકાય છે કે તપાસના ત્રણેય તબક્કામાં માત્ર અનાજ, કઠોળ, શાકભાજી અને ફળફળાદિ તેમજ કપડાં-પગરખાં સિવાયના ખર્ચમાં ઝાઝો તફાવત જોવા મળતો નથી. નમૂનાના કુટુંબોના વપરાશી ખર્ચની વિગતો નીચે દર્શાવેલા આવક-ખર્ચના તારણ પરથી પણ જોઈ શકાય છે કે કુટુંબદીઠ સરેરાશ આવક અને ખર્ચમાં કોઈ ફેરફાર જોવા મળતો નથી.

| વિગત | વર્ષ | | |
|---|---|---|---|
| | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
| કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક | ૯૮૨ | ૨૨૦૩ (૧૨૪.૩) | ૫૬૩૬ (૧૫૫.૮) |
| માથાદીઠ વાર્ષિક આવક | ૨૦૦ | ૩૮૬ | ૯૯૬ |
| કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | ૭૦૬ | ૧૯૭૫ (૧૭૯.૭) | ૪૫૫૫ (૧૩૦.૬) |
| માથાદીઠ વાર્ષિક ખર્ચ | ૧૪૪ | ૩૪૬ | ૮૦૪ |

નોંધ : કૌંસમાં દર્શાવેલ આંકડા વધારો સૂચવે છે.

ઉપરના આંકડાઓ પરથી જોઈ શકાય છે કે તપાસના ત્રણે તબક્કામાં તપાસના વર્ષના ભાવોને ધ્યાનમાં લેતાં તેમના વપરાશી ખર્ચના માળખામાં કે જીવનસ્તરમાં કોઈ ખાસ ફેરફાર થયો ન હતો. નાયકાઓનાં લગભગ દરેક કુટુંબો હજુ પણ ગરીબાઈની રેખા નીચે જીવન જીવતાં માલુમ પડયાં હતાં.

નમૂનાના કુટુંબોમાં આવક અને ખર્ચનું પ્રમાણ જોતાં કેટલાક કુટુંબોને આવક-ખર્ચ સરભર થઈ રહેતાં તો કેટલાક કુટુંબોને કુટુંબના જીવન નિર્વાહ અને અન્ય ખર્ચ માટે દેવું કરવું પડતું હતું. નમૂનાના કુટુંબોની દેવા વિષયક માહિતી તપાસના ત્રણે તબક્કામાં મેળવી હતી. જેની વિગતો અહીં નીચે દર્શાવવામાં આવી છે.

દેવું :

નાયકા જાતિની આવકનું પ્રમાણ ઘણું નીચું હોવાથી તેમને

જુદા જુદા હેતુઓ માટે દેવું કરવાની ફરજ પડતી. નમૂનાના દરેક કુટુંબો પોતાની ખેત ઉત્પાદીત કરેલી ચીજોનું વેચાણ અને ખેતપેદાશો પણ બારિયાના વેપારીઓને કરતા હતા અને કરે પણ છે. તેના બદલામાં જરૂરી વપરાશની ચીજવસ્તુઓ, કપડાં-લત્તાં પણ ત્યાંથી ખરીદે છે. કેટલીકવાર ખેતી નિષ્ફળ જતાં બાકીમાં પણ ચીજ-વસ્તુઓ લાવતા હોય છે અને દેવા પેટે અનાજ અથવા ઘરેણાં આપવાં પડતાં હોય છે. નમૂનાના કુટુંબોની તપાસના ત્રણે તબક્કાની દેવા વિષયક માહિતીનું વિશ્લેષણ આ તબક્કે જોવાથી વધુ ખ્યાલ આવે છે.

તપાસમાં આવરી લીધેલા નમૂનાના કુટુંબોનો દેવા વિષયક પરિસ્થિતિ વિષે જોઈએ તો ૧૯૬૯ની પ્રથમ તપાસ વખતે કુલ કુટુંબોમાંથી ૭૪ ટકા કુટુંબો દેવાદાર હતા. ૧૯૭૯માં દેવાદાર કુટુંબોનું પ્રમાણ ઘટીને માત્ર ૧૨ ટકાજ રહયું હતું. ૧૯૮૯ની તપાસ વખતે દેવાદાર કુટુંબોની સંખ્યા ૪૩ ટકા થઈ હતી. દેવાદાર કુટુંબોનું કુલ દેવું તપાસના ત્રણેય તબક્કામાં અનુક્રમે ૪૦૮૫ રૂા., ૭૦૦ રૂા. અને ૧૫૭૮૦ રૂા. હતું. કુટુંબદીઠ (દેવાદાર) સરેરાશ દેવું અનુક્રમે ૧૩૨, ૧૪૦ અને ૧૦૫૨ રૂા. હતું.

નમૂનાના કુટુંબોનું કુલ દેવું, દેવાદાર કુટુંબદીઠ દેવું અને હેતુવાર દેવું નીચેના કોઠામાં દર્શાવ્યું છે.

કોઠો : ૧૫

દેવા વિષયક માહિતી

| વિગત | વર્ષ | | |
| --- | --- | --- | --- |
| | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
| કુલ કુટુંબ સંખ્યા | ૪૨ | ૪૨ | ૩૫ |
| દેવાદાર કુટુંબ | ૩૧(૭૪.૦) | ૫(૧૨.૦) | ૧૫(૪૩.૦) |
| કુલ દેવું | ૪૦૮૫ | ૭૦૦ | ૧૫૭૮૦ |
| દેવાદાર કુટુંબ દીઠ દેવું | ૧૩૨ | ૧૪૦ | ૧૦૫૨ |
| **હેતુવાર દેવું :** | | | |
| મકાન બાંધકામ | ૧૦૦ | - | - |
| નિર્વાહખર્ચ | ૨૩૪૦ | ૩૦૦ | ૫૯૫૦ |
| | (૫૭.૩) | (૪૨.૯) | (૩૭.૭) |
| ખેતી ખર્ચ | ૧૫૨૦ | ૪૦૦ | ૪૦૮૦ |
| દૂધાળા ઢોરની ખરીદી | - | - | ૨૭૦૦ |
| સામાજીક | ૧૨૫ | - | ૩૦૫૦ |
| કુલ ખર્ચ | ૪૦૮૫ | ૭૦૦ | ૧૫૭૮૦ |

**હેતુવાર દેવું :**

નમૂનાના દરેક કુટુંબોને નિર્વાહ ખર્ચ અને ખેતી ખર્ચ માટે દેવું કરવાની ફરજ પડી હતી. નમૂનાના કુટુંબોને તપાસના ત્રણે વર્ષમાં કુલ દેવાના ૫૭.૩ ટકા, ૪૨.૯ ટકા અને ૩૭.૭ ટકા દેવું એકલા નિર્વાહ ખર્ચ પાછળ કરવું પડતું હતું.

ઉપરના દેવાવિષયક માહિતી દર્શાવતા કોઠા ઉપરથી સ્પષ્ટ થાય છે કે પ્રથમ તપાસના સમય કરતાં પુનઃતપાસના બંને તબક્કામાં દેવાદાર કુટુંબોનું પ્રમાણ ઘટવા પામ્યું હતું. કેટલાક પાછલું ધિરાણ બાકી હોવાને કારણે તેને ભરપાઈ કરવા શક્તિમાન ન હોવાથી દેવું કરતાં અચકાતા અને જે કંઈ ઉત્પાદન કરતા તેમજ બહારથી ખેતી મજૂરીમાંથી છૂટક રોજગારી દ્વારા પોતાનું જીવન ગુજરાન ચાલે તેટલું કમાઈ લેતા હતા.

અસ્કયામત :

નાયકા જાતિની મિલ્કતમાં મુખ્યત્વે જમીન ઘર અને પશુધન તેમજ માલિકોનાં યંત્રો-ઓજારોનો સમાવેશ થાય છે અને જે માલિકોની જમીનમાં ઝાડો આવેલા છે તે પણ એક મિલકતના સ્વરૂપે ગણવામાં આવ્યા છે. નાયકાઓ પાસે થોડી-ઘણી જમીન છે પરંતુ વધતી જતી વસ્તી અને કુટુંબોમાં થતા વિભાજનને કારણે કુટુંબદીઠ સરેરાશ જમીનનું કદ પણ ઘટતું જોવા મળે છે. જમીન પછી મકાન અને પશુધનને મહત્ત્વનાં મિલકતનાં સાધનો તરીકે ગણાવી શકાય. નાયકા કુટુંબો પશુધન આવકના પૂરક સાધન તરીકે નહિ પણ કુટુંબમાં, સમાજમાં પ્રતિષ્ઠાના પ્રતિક તરીકે વિશેષ ઢોર રાખે છે.તપાસના ત્રણે વર્ષોમાં નાયકાઓ પાસેની અસ્કયામતનું પ્રમાણ કેટલું હતું તે નીચેના કોઠા ઉપરથી જોઈ શકાય છે.

કોઠામાં દર્શાવ્યા મુજબ ૧૯૬૯ના વર્ષમાં નાયકાઓ પાસેની જમીન, ઘર, ઝાડ, પશુધન, ખેત સાધનો, ઘરેણાંઓ શેર અનામતો મળીને કુલ ૮૩૦૯૫ રૂા.ની અસ્કામત હતી. કુટુંબદીઠ અસ્કયામતનું પ્રમાણ બધુ મળીને ૧૯૭૮રૂા.ની હતી. ૧૯૭૯માં આ અસ્કયામત વધીને કુટુંબદીઠ ૧૦૬૯૬ રૂા.ની થઈ હતી.જ્યારે ૧૯૮૯માં કુટુંબદીઠ કુલ અસ્કયામત ૨૨૬૫૮ રૂા.નો થઈ હતી

તપાસના બંને દાયકાઓમાં અસ્કયામત વધેલી જોવા મળી હતી. તેનું મુખ્ય કારણ વધતા જતા જમીનના ભાવો, અને બીજી બાજુ ઘર બાંધકામમાં વપરાતા માલસામાન અને ખેતી ઓજારોની બનાવટમાં વપરાતા ઈમારતી લાકડાંના વધેલા ભાવોને કારણે અસ્કયામતની કિંમતમાં થયેલો વધારો સૂચવે છે. હકીકતમાં અસ્કયામતમાં કોઈ વધારો જોવા મળ્યો નથી. માત્ર કુટુંબદીઠ અસ્કયામતોના ભાવો વધવાથી કિંમતના સ્વરૂપે અસ્કયામતો વધી છે મૂળ સ્વરૂપે નહિ.

કોઠો : ૧૬

અસ્કયામતનું પ્રમાણ

| વિગત | વર્ષ | | |
|---|---|---|---|
| અસ્કયામતની કિંમત | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
| જમીન | ૧૦૯૬૦ | ૧૪૮૪૪૦ | ૩૦૭૬૫૦ |
| મકાન | ૧૧૬૩૫ | ૧૦૨૬૦૦ | ૧૮૩૦૦૦ |
| ઝાડ | ૩૦૫૩૫ | ૬૫૭૦૦ | ૧૪૧૬૦૦ |
| પશુધન | ૧૮૪૮૦ | ૯૩૫૧૦ | ૧૦૫૬૯૫ |
| માલિકીના યંત્રો-ઓજારો | ૫૨૨૫ | ૮૨૬૦ | ૮૮૧૫ |
| ઘરવખરીનાં સાધનો | ૪૨૧૦ | ૧૪૫૫૦ | ૨૧૩૯૦ |
| ઘરેણાં | ૨૦૫૦ | ૧૬૨૧૦ | ૨૨૮૦૦ |
| શેર-અનામત | – | – | ૨૦૯૦ |
| કુલ અસ્કયામત | ૮૩૦૯૫ | ૪૪૯૨૭૦ | ૭૯૩૦૪૦ |
| કુટુંબદીઠ અસ્કયામત | ૧૯૭૮ | ૧૦૬૯૬ | ૨૨૬૫૮ |

ઉપર મુજબ નમૂનાના કુટુંબો પાસેની અસ્કયામતનું પ્રમાણ જોયા પછી છેલ્લા દાયકામાં કરેલ મૂડી રોકાણની વિગતો જોઈએ.

૧૯૬૯ અને ૧૯૭૯ની બંને તપાસ વખતે મૂડી રોકાણ કરનાર કુટુંબોની વિગતો મેળવવામાં આવી હતી. પરંતુ કોઈ કુટુંબોએ અસ્કયામતના ટૂંકમાં મૂડી રોકાણ કર્યું ન હતું. ૧૯૮૯ની તપાસ વખતે મૂડી રોકાણ કરનાર કુટુંબોની વિગતો મેળવી હતી જેમાં કુલ તપાસેલા ૩૫ કુટુંબોમાંથી ૬ કુટુંબોએ નવા મકાનના બાંધકામ, મકાન સમારકામ અને ખેતી સુધારણા માટે કુલ ૨૫૦૦૦ નું મૂડી રોકાણ કર્યું હતું. મૂડી રોકાણ કરનાર કુટુંબોના સંદર્ભમાં જોઈએ તો કુટુંબદીઠ સરેરાશ ૪૧૬૬ રૂા.નું ખર્ચ કર્યું હતું.

નાયકાઓની આર્થિક પરિસ્થિતિ ઘણી ખરાબ હોવાથી માંડ જીવન સ્તર નિભાવતા હોય છે. ત્યાં મૂડી રોકાણ અંગેની આકાંક્ષા ક્યાંથી રાખી શકે. પુનઃતપાસના સમયે ૧૯૮૯માં મૂડી રોકાણની વિગતો મેળવી હતી. જેની માહિતી નીચે કોઠામાં દર્શાવવામાં આવી છે. જેમાં મૂડી રોકાણના સ્રોત વિષે પણ માહિતી દર્શાવી છે.

| ક્રમ | જમીનનું કદ | મૂડી રોકાણ કરનાર કુટુંબ | નવા મકાનનું બાંધકામ | મકાન સમાર કામ | અન્ય | કુલ | સ્વયં બચત | શાહુકાર | સગાં સંબંધી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મૂડી રોકાણ | | | | | મૂડી રોકાણના | | | |
| ૧ | ૦થી ૨.૫ | ૩-૧૭ | ૫૦૦ | ૫૦૦૦ | ૧૦૫૦૦ | ૧૬૦૦૦ | ૫૫૦૦ | ૬૦૦૦ | ૪૫૦૦ |
| ૨ | ૨.૬ થી ૫.૦૦ | ૨- ૫ | - | - | ૬૦૦૦ | ૬૦૦૦ | ૩૫૦૦ | ૨૦૦૦ | ૫૦૦ |
| ૩ | ૫.૧ થી ૭.૫ | ૧-૨ | - | - | ૩૦૦૦ | ૩૦૦૦ | ૩૦૦૦ | - | - |
| ૪ | ૭.૬ થી૧૦.૦ | -૫ | - | - | - | - | - | - - | - |
| ૫ | કુલ | ૬-૨૯ | ૫૦૦ | ૫૦૦૦ | ૧૯૫૦૦ | ૨૫૦૦૦ | ૧૨૦૦૦ | ૮૦૦૦ | ૫૦૦૦ |
| ૬ | કુટુંબદીઠ રોકાણ | | ૮૩ | ૮૩૩ | ૩૨૫૦ | ૪૧૬૬ | ૨૦૦૦ | ૧૩૩૩ | ૮૩૩ |
| ૭ | ટકા | | ૨.૦ | ૨૦.૦ | ૭૮.૦ | ૧૦૦.૦ | ૪૮.૦ | ૩૨.૦ | ૨૦.૦ |

# પ્રકરણ - ૪

## તુલનાત્મક પરિસ્થિતિ : તારણો

## પ્રકરણ - ૪

## તુલનાત્મક પરિસ્થિતિ : તારણો

### તુલનાત્મક સ્થિતિ :

સાગટાળા ગામની છેલ્લા બે દાયકાની પરિસ્થિતિ વિશે નમૂનાના કુટુંબોને આધારે એટલું જરુર કહી શકાય કે તપાસના ત્રણે તબક્કામાં સાગટાળા ગામમાં કે ગામમાં વસતા કુટુંબોમાં કોઈ ફેરફાર જોવા મળ્યો ન હતો. માત્ર નમૂનાના કુટુંબોની સંખ્યા ઘટીને ૩૫ થઈ હતી. શરૂઆતમાં ૧૯૬૯માં ૬૪ કુટુંબોને અભ્યાસમાં આવરી લેવાયાં હતાં પુનઃ તપાસ વખતે હયાત કુટુંબોને ધ્યાનમાં લઈ અભ્યાસ હાથ ધર્યો હતો.

### તારણો :

(૧) તપાસના બે દાયકામાં ૩૪.૪ ટકા કુટુંબોના વડા ગુજરી ગયા હતા. ૧૦.૯ ટકા કુટુંબોએ સ્થળાંતર કર્યું હતું અને ૫૪.૭ ટકા કુટુંબો ૧૯૮૯માં હયાત હતા.

(૨) તપાસના પ્રથમ દાયકા વખતે કુલ કુટુંબોની સભ્ય સંખ્યા વધવા પામી હતી. ૧૯૭૯થી ૧૯૮૯ના ગાળામાં તપાસેલા નમૂનાના કુટુંબોને આધારે સભ્ય સંખ્યામાં કે કુટુંબ કદમાં કોઈ ફેરફાર જોવા મળ્યો ન હતો.

(૩) તપાસના ત્રણે તબક્કામાં કુટુંબના પ્રકારમાં પણ કોઈ ફેરફાર જોવા મળ્યો ન હતો.

(૪) શિક્ષણના સંદર્ભમાં જોઈએ તો શિક્ષણ પ્રત્યે કોઈ રૂચિ દેખાતી ન હતી. પ્રથમ દાયકામાં બંને તપાસ વખતે મેળવેલી માહિતીના આધારે જોઈએ તો પુનઃ તપાસ વખતે શિક્ષણ પામેલાઓની સંખ્યા ઘટી હતી. જ્યારે ૧૯૮૯માં શિક્ષણમાં માત્ર નહિવત્ ફેરફાર જોવા મળ્યો હતો.

(૫) નમૂનાના કુટુંબો પાસેની ઘરવખરીનાં સાધનોની સંખ્યા જોઈએ તો કુટુંબદીઠ ઘરવખરીનાં વાસણોની સંખ્યા વધી હતી. જ્યારે ફર્નિચરનાં સાધનોની સંખ્યા ઘટી હતી.

(૬) નમૂનાના કુટુંબોની ઘરોની પરિસ્થિતિ જોતાં મકાનના પ્રકાર, દિવાલના પ્રકાર અને છાજમાં કોઈ ફેરફાર જોવા મળ્યો ન હતો.

(૭) કુટુંબદીઠ પશુધનની સંખ્યા ઘટવા પામી હતી. ખેતી ઉપયોગી પશુધન પણ ઘટયું હતું.

(૮) કુટુંબદીઠ જમીનના કદમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળ્યો ન હતો.

(૯) નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યાને આધારે જોઈએ તો દરેક કુટુંબમાં કમાનાર સભ્યો પર નહિ કમાનાર અને કમાનાર પર આધારિત સભ્યોનું ભારણ વિશેષ હતું.

(૧૦) કુટુંબદીઠ વાર્ષિક આવકમાં તપાસના ત્રણે તબકકામાં ઘણો મોટો વધારો જોઈ શકાય છે. પરંતુ નમૂનાના કુટુંબોની વધેલી આવક છેલ્લા બે દાયકા દરમ્યાન જે તે વર્ષના ભાવોને ધ્યાનમાં લેતાં કંઈ જ વધી નથી તેમ કહીએ તો પણ ખોટું નથી.

(૧૧) એ જ રીતે વપરાશી ખર્ચની અંદર પણ તેમની રોજ-બરોજની વપરાશની વસ્તુઓને આધારે જોતાં તેમના રોજીંદા વપરાશમાં, ખાણી-પાણીમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નથી. વધતા જતા ભાવોને લીધે વપરાશી ચીજવસ્તુઓના વધતા જતા ભાવોને ધ્યાનમાં લેતાં તેમની આવક અને ખર્ચ બે દાયકા પહેલાં જે હતી તેમાં કોઈ સુધારો જણાતો નથી.

(૧૨) નમૂનાના કુટુંબોની દેવા વિષાયક પરિસ્થિતિ જોઈએ તો તપાસના ત્રણે તબક્કામાં દેવાદાર કુટુંબોની સંખ્યામાં વધારો- ઘટાડો થયેલો જોવા મળે છે. એજ રીતે દેવાદાર કુટુંબદીઠ દેવું પણ વધ્યું છે.

(૧૩) કુટુંબદીઠ અસ્કયામતમાં થોડો વધારો થયેલો જોવા મળ્યો હતો. જેમાં ઘરોના ક્ષેત્રફળમાં થયેલો વધારો અને વધતા જતા જમીનના ભાવોને લીધે અસ્કયામતમાં વધારો થયો હતો. જમીનના ભાવો વધવા પાછળ પણ ગામમાંથી મુખ્ય તળાવની જે નહેર કાઢવામાં આવી છે તેના આધારે સિંચાઈની શક્યતાઓ વધતાં જમીનના ભાવો વધ્યા છે. આ સિવાય નાયકાઓમાં કોઈ ખાસ પરિવર્તન આવેલું જોવા મળતું નથી. તેની વિગતો આ સાથેના તુલનાત્મક પરિસ્થિતિ દર્શાવતા કોઠામાં દર્શાવી છે.

## સાગટાળા : તુલનાત્મક પરિસ્થિતિ

| વિગત | | વર્ષ | |
| --- | --- | --- | --- |
| | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
| કુલ કુટુંબ સંખ્યા | ૪૨ | ૪૨ | ૩૫ |
| કુલ સભ્ય સંખ્યા | ૨૦૬ | ૨૪૦ | ૧૯૮ |
| કુટુંબનું કદ | ૫ | ૬ | ૬ |
| સંયુકત કુટુંબ | ૨૨ | ૧૯ | ૨૨ |
| વિભકત કુટુંબ | ૨૦ | ૨૩ | ૧૩ |
| શિક્ષણ : | | | |
| અભણ પુ | ૯૨ | ૧૧૩ | ૮૩ |
| સ્ત્રી | ૧૦૦ | ૧૧૭ | ૯૭ |
| ભણેલા પુ | ૮ | ૭ | ૧૨ |
| સ્ત્રી | ૬ | ૩ | ૬ |
| ઘરવખરીનાં સાધનો (કુટુંબદીઠ) | ૧૪ | ૧૬ | ૨૦ |
| ફર્નિચરનાં સાધનો (કુટુંબ દીઠ) | ૧૦ | ૯ | ૮ |
| ઘરનો પ્રકાર કાચું | ૪૦ | ૩૯ | ૩૩ |
| પાકું | ૨ | ૩ | ૨ |
| કુટુંબદીઠ પશુધન | ૧૨ | ૯ | ૮ |
| ,, ખેત સાધનો | ૬ | ૮ | ૯ |
| કમાનાર પુ | ૬૦ | ૪૨ | ૩૫ |
| સ્ત્રી | ૪ | - | ૫ |

ચાલુ..

| વિગત | ૧૯૬૬ | વર્ષ ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|
| કુટુંબદીઠ જમીન ( એ.ગુ.) | ૨.૭ | ૩.૫ | ૩.૧૫ |
| કુટુંબદીઠ વાર્ષિક આવક | ૯૮૨ | ૨૨૦૩ | ૫૬૩૬ |
| માથાદીઠ વાર્ષિક આવક | ૨૦૦ | ૩૮૬ | ૯૯૬ |
| કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ | ૭૦૬ | ૧૯૭૫ | ૪૫૫૫ |
| મા.દી.વાર્ષિક વપરાશી ખર્ચ | ૧૪૪ | ૩૪૬ | ૮૦૪ |
| દેવાદાર કુટુંબ | ૩૧ | ૫ | ૧૫ |
| દેવાદાર કુટુંબ દીઠ દેવું | ૧૩૨ | ૧૪૦ | ૧૦૫૨ |
| કુટુંબદીઠ અસ્કયામત | ૧૯૭૮ | ૧૦૬૯૬ | ૨૨૬૫૮ |

આજે સરકારશ્રીના આદિવાસી ઉત્કર્ષના અનેક વિધ કાર્યક્રમો હોવા છતાં લોકો સુધી આ કાર્યક્રમો કેટલા પહોંચ્યા તેનો ખ્યાલ ૧૯૮૯માં મેળવેલી માહિતીના આધારે નીચેના કોઠામાં જોવાથી આવશે.

વિકાસ કાર્યક્રમોનો લાભ લીધેલ કુટુંબ સંખ્યા

| વિગત | વર્ષ ૧૯૮૯ |
|---|---|
| કુલ કુટુંબ સંખ્યા | ૩૫ |
| કિટસનો લાભ | ૧૦ |
| ખાતર / બિયારણ | ૩ |
| કૂવાનું બાંધકામ | ૧ |
| ભેંસ | ૪ |
| મકાન સમારકામ | ૧ |

ઉપરના આંકડાઓ જોતાં જણાય છે કે સરકારશ્રીના વિકાસ કાર્યક્રમોથી નાયકાઓ કેટલા વંચિત હશે અને છે તેનો વધુ ખ્યાલ તો પ્રત્યક્ષ કાર્યથી તેઓની વચ્ચે રહેવાથી આવે છે.

પ્રત્યક્ષકાર્ય વખતે સહકારી મંડળીમાંથી ધિરાણ મેળવતા સભાસદોની વિગતો મેળવવામાં આવી હતી. સહકારી મંડળીમાંથી ગામના કુલ કુટુંબોમાંથી માત્ર ૧૪ ખેડૂત કુટુંબોએ પાક ધિરાણ મેળવ્યું હતું. ગામમાં ગ્રામીણ બેંક પણ છે. આ બેંક દ્વારા ગામના માત્ર આઠ કુટુંબોને દૂધાળાં ઢોર માટે લોન અને ૫૦ % સબસીડી આપવામાં આવી હતી.

છેલ્લા ૨૦ વર્ષમાં આ ગામમાં કોઈ ખાસ ફેરફાર થયેલા જોવા મળ્યા નથી. ૧૯૬૯ અને ૧૯૭૯માં ૪ ઘરોની જે સ્થિતિ હતી તે આજે પણ જોવા મળી હતી. માત્ર ત્રણ થી ચાર ઘરો આખા ગામમાં નવા બનાવવામાં આવ્યા હતા. જેમાં એક કુટુંબને સમાજ કલ્યાણ ખાતા તરફથી ૫૦ % લોન સહાય મળી હતી. જ્યારે બાકીના ત્રણેક કુટુંબોએ ઝૂંપડાંને યથાવત રાખી તેમાં

૪ થી ૫ ફૂટ જેટલા મોટા કરી ઓહો સુધારો કર્યો હતો.

આદિવાસી નાયકાઓની અસ્કયામતમાં પણ કોઈ ફેરફાર જોવા મળ્યો ન હતો. માત્ર જમીનના ભાવોમાં ફેરફાર થયો હતો.

નાયકાઓના જીવનસ્તરમાં કોઈ ખાસ સુધારો જણાયો નથી. ઉલ્ટાનું વધતા જતા ભાવોની તુલનાએ જે વસ્તું પહેલાં ખરીદતા હતા અને આસાનીથી લઈ શકતા તે આજે રહયું નથી. આજે તો જીવનસ્તર નિભાવવા માટે ઉલ્ટાની વધારે મજૂરી કરવી પડે છે. નાયકાઓને પોતાની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે કેટલી મહેનત કરવી પડતી હશે તે તો તેમનામાં પ્રચલિત એક કહેવત સૂચવી દે છે. કે '' નાયકારે નાયકા, રાત બધી હાયકા તો યે ન ધાયકા '' કમર ભાંગી જાય તેટલી તનતોડ મહેનત કરવી પડે છે. નાયકાઓ મજૂરીની સાથે વન્ય પેદાશો માંથી થોડી ઘણી આવક મેળવી લે છે.

શિક્ષણની બાબતમાં જોઈએ તો નાયકાઓમાં કોઈ પરિવર્તન દેખાતું નથી. ખૂબજ ઓછા, નહિંવત્ કુટુંબો પોતાનાં બાળકોને શાળાએ ભણવા મોકલે છે.સાગટાળા ગામમાં ૧૯૬૯માં માત્ર ૩ ધોરણ સુધીની શાળા હતી. ૧૯૭૯માં તેમાં ૧ ધોરણ વધ્યું હતું અને ૪(ચાર) ધોરણ સુધીની શાળા થઈ છે તેમાં આજે ગામના અને આજુબાજુના નજીકના ગામોના કુલ ૪૯ વિદ્યાર્થીઓ અને ૩૯ વિદ્યાર્થીનીઓ શિક્ષણ મેળવી રહી છે. જેમાં ધોરણ પહેલામાં કુલ ૨૨,ધોરણ બીજામાં ૨૪, ત્રીજામાં ૧૭ અને ધોરણ ૪ ( ચોથા ) માં ૧૫ બાળકો ભણે છે. ચાર ધોરણમાં ૫ ધોરણ ૧ થી ચોથા સુધીમાં ૫૦ % કરતાં ઓછાં બાળકો રહે છે. બાળકોને પણ ગામમાં અપૂરતી સગવડોને કારણે ભણવા પ્રત્યે ઓછો રસ ધરાવે છે.

શિક્ષણની સુવિધાઓની રીતે જોતાં ગામમાં આશ્રમશાળા, ડભવા ફળિયામાં માધ્યમિક શાળાની સુવિધા અને છાત્રાલયની વ્યવસ્થા હોવા છતાં સ્થાનિક બાળકોને ખૂબ ઓછો લાભ મળે છે. સાગટાળાના છેવાડાના બાળકો તો શાળાએ આવી પણ શકતા નથી.

ટૂંકમાં અભ્યાસ આધારે જોતાં લાગે છે કે નાયકાઓના આર્થિક, સામાજીક જીવન ધોરણમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નથી.

## પરિશિષ્ટ

### ૧૯૮૯માં સર્વેક્ષણ કરેલ કુટુંબોનું જમીનના કદ પ્રમાણે વર્ગીકરણ :

કોઠો : ૧

મકાનનો પ્રકાર અને મકાનનું ક્ષેત્રફળ

| ક્રમ | જમીનનું કદ | કુલ કુટુંબ | કાચું | પાકુ | ૧૫X ૧૦ | ૩૦X ૪૦ | ૨૦X ૧૫ | ૨૫X ૨૦ | ૩૦X ૨૫ | ૪૦X ૨૦ | ૩૦X ૨૦ | ૪૫X ૩૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦થી ૨.૫ | ૨૦ | ૧૯ | ૧ | ૬ | ૨ | ૫ | ૩ | ૧ | ૧ | ૨ | – |
| ૨ | ૨.૬થી ૫.૦ | ૭ | ૭ | – | ૧ | ૫ | ૧ | | | | | |
| ૩ | ૫.૧થી ૭.૫ | ૩ | ૩ | – | – | ૧ | – | – | ૧ | ૧ | | |
| ૪ | ૭.૬થી ૧૦.૦ | ૫ | ૪ | ૧ | | ૨ | | | ૧ | ૧ | | ૧ |
| ૫ | કુલ | ૩૫ | ૩૩ | ૨ | ૭ | ૧૦ | ૬ | ૩ | ૩ | ૩ | ૨ | ૧ |
| | ટકા | ૧૦૦.૦ | ૯૪.૩ | ૫.૭ | ૨૦.૦ | ૨૮.૬ | ૧૭.૧ | ૮.૬ | ૮.૬ | ૮.૬ | ૫.૭ | ૨.૮ |

કોઠો : ૨

આરડાની સંખ્યા, દિવાલનો પ્રકાર,અને છાપરાનો પ્રકાર

| ક્રમ | જમીનનું કદ | ૧ | ૨ | ૩ | ૪ | કુલ | સાંઠી | માટી સાંઠી | ઈંટ સીમેન્ટ | ઈંટ માટી સાંઠી | ઘાસ પાન | દેશી નળિયા ચાપડા | વિલાયતી નળિયાં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦થી૨.૫ | ૯ | ૧૦ | ૧ | - | ૨૦ | ૧૬ | - | - | ૪ | ૪ | ૧૬ | - |
| ૨ | ૨.૬થી ૫.૦૦ | - | ૪ | ૩ | - | ૭ | ૫ | | | ૨ | ૭ | - | - |
| ૩ | ૫.૧થી ૭.૫ | - | ૧ | ૨ | - | ૩ | ૨ | | - | ૧ | ૩ | - | - |
| ૪ | ૭.૬થી૧૦.૦ | - | ૨ | ૩ | - | ૫ | ૨ | | ૧ | ૨ | ૫ | - | - |
| ૫ | કુલ | ૯ | ૧૭ | ૯ | | ૩૫ | ૨૫ | | ૧ | ૯ | ૧૯ | ૧૬ | |
| | ટકા | ૨૫.૭ | ૪૮.૬ | ૨૫.૭ | | ૧૦૦.૦ | ૭૧.૫ | | ૨.૮ | ૨૫.૭ | ૫૪.૩ | ૪૫.૭ | |

કોઠો : ૩

વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | જમીનનું કદ | કુલ સભ્ય | | | ૦ થી ૬ | | ૭થી૧૪ | | ૧૫થી૨૫ | | ચાલુ.. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ | સ્ત્રી | કુલ | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | |
| ૧ | ૦થી ૨.૫ | ૪૨ | ૪૭ | ૮૯ | ૯ | ૬ | ૧ | ૬ | ૫ | ૯ | |
| ૨ | ૨.૬થી૫.૦ | ૨૭ | ૨૬ | ૫૩ | ૪ | ૭ | ૫ | ૩ | ૪ | ૫ | |
| ૩ | ૫.૧થી૭.૫ | ૬ | ૧૨ | ૧૮ | - | ૬ | ૧ | ૨ | ૧ | ૧ | |
| ૪ | ૭.૬થી૧૦.૦ | ૨૦ | ૧૮ | ૩૮ | ૩ | ૧ | ૪ | ૫ | ૧ | ૧ | |
| ૫ | કુલ | ૯૫ | ૧૦૩ | ૧૯૮ | ૧૬ | ૨૦ | ૧૧ | ૧૬ | ૧૧ | ૧૬ | |
| | ટકા | ૪૮.૦ | ૫૨.૦ | ૧૦૦.૦ | ૧૬.૮ | ૧૯.૪ | ૧૧.૬ | ૧૫.૫ | ૧૧.૬ | ૧૫.૫ | |

કોઠો : ૩.. ચાલુ..

| ક્રમ | ૨૬ થી ૩૫ | | ૩૬ થી ૫૦ | | ૫૦થી ૬૦ | | ૬૦થી ઉપર | |
|---|---|---|---|---|---|---|---|---|
| | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| ૧ | ૬ | ૫ | ૬ | ૧૪ | ૧૦ | ૫ | ૫ | ૨ |
| ૨ | ૩ | ૪ | ૭ | ૫ | ૨ | ૪ | ૩ | ૨ |
| ૩ | ૧ | ૧ | ૨ | ૨ | - | - | ૧ | - |
| ૪ | ૩ | ૨ | ૩ | ૬ | ૫ | ૨ | ૧ | ૧ |
| ૫ | ૧૩ | ૧૨ | ૧૮ | ૨૭ | ૧૬ | ૭ | ૧૦ | ૫ |
| | ૧૪.૭ | ૧૧.૭ | ૧૮.૯ | ૨૬.૨ | ૧૬.૮ | ૬.૮ | ૧૦.૬ | ૪.૭ |

કોઠો : ૪

વૈવાહિક દરજ્જો

| ક્રમ | જમીનનું કદ | પરિણિત | | અપરિણિત | | વિધુર | વિધવા | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | કુલ |
| ૧ | ૦થી ૨.૫ | ૩૦ | ૩૧ | ૧૧ | ૧૬ | ૧ | – | ૪૨ | ૪૭ | ૮૯ |
| ૨ | ૨.૬ થી ૫.૦ | ૧૫ | ૧૫ | ૧૦ | ૧૧ | ૨ | – | ૨૭ | ૨૬ | ૫૩ |
| ૩ | ૫.૧થી ૭.૫ | ૪ | ૪ | ૧ | ૮ | ૧ | – | ૬ | ૧૨ | ૧૮ |
| ૪ | ૭.૬થી ૧૦.૦ | ૧૧ | ૧૨ | ૮ | ૬ | ૧ | – | ૨૦ | ૧૮ | ૩૮ |
| ૫ | કુલ | ૬૦ | ૬૨ | ૩૦ | ૪૧ | ૫ | | ૯૫ | ૧૦૩ | ૧૯૮ |
| | ટકા | ૬૩.૧ | ૬૦.૨ | ૩૧.૬ | ૩૯.૮ | ૫.૩ | | ૧૦૦.૦ | ૧૦૦.૦ | |
| | કુલના ટકા | ૬૧.૬ | | ૩૫.૯ | | ૨.૫ | | ૧૦૦.૦ | | |

## કોઠો : ૫

### કુટુંબનો પ્રકાર

| ક્રમ | જમીનનું કદ | સંયુક્ત | વિભક્ત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૦થી ૨.૫ | ૧૧ | ૯ | ૨૦ |
| ૨ | ૨.૬ થી ૫.૦૦ | ૭ | – | ૭ |
| ૩ | ૫.૧ થી ૭.૫ | ૧ | ૨ | ૩ |
| ૪ | ૭.૬ થી ૧૦.૦ | ૩ | ૨ | ૫ |
| ૫ | કુલ | ૨૨ | ૧૩ | ૩૫ |
| | ટકા | ૬૨.૯ | ૩૭.૧ | ૧૦૦.૦ |

કોઠો : ૬

ધંધાનું વર્ગીકરણ અને કમાનાર - નહિ કમાનાર

| ક્રમ | જમીનનું કદ | ખેતી | મજૂરી | નોકરી | કમાનાર | | નહિ કમાનાર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| ૧ | ૦ થી ૨.૫ | ૨૦ | ૨૦ | - | ૩૩ | ૨૮ | ૯ | ૧૯ | ૪૨ | ૪૭ |
| ૨ | ૨.૬ થી ૫.૦ | ૭ | ૭ | | ૧૮ | ૧૪ | ૯ | ૧૨ | ૨૭ | ૨૬ |
| ૩ | ૫.૧ થી ૭.૫ | ૩ | ૩ | | ૫ | ૩ | ૧ | ૯ | ૬ | ૧૨ |
| ૪ | ૭.૬ થી ૧૦.૦ | ૫ | ૫ | ૧ | ૧૩ | ૧૦ | ૭ | ૮ | ૨૦ | ૧૮ |
| | કુલ | ૩૫ | ૩૫ | ૧ | ૬૯ | ૫૫ | ૨૬ | ૪૮ | ૯૫ | ૧૦૩ |
| | ટકા | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૨.૯ | ૭૦.૪ | ૫૩.૪ | ૨૯.૬ | ૪૬.૬ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

## કોઠો : ૭

શિક્ષણ

| ક્રમ | જમીનનું કદ | પૂરું કરેલ: અભણ | | પૂરું કરેલ: પ્રાથમિક | | ચાલુ શિક્ષણ: પ્રાથમિક | | ચાલુ શિક્ષણ: માધ્યમિક | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | કુલ |
| ૧ | ૦થી ૨.૫ | ૪૧ | ૪૬ | ૧ | – | – | – | – | ૧ | ૪૨ | ૪૭ | ૮૯ |
| ૨ | ૨.૬ થી ૫.૦૦ | ૨૩ | ૨૫ | ૧ | – | ૩ | ૧ | – | – | ૨૭ | ૨૬ | ૫૩ |
| ૩ | ૫.૧ થી ૭.૫ | ૪ | ૧૦ | ૧ | – | ૧ | ૨ | – | – | ૬ | ૧૨ | ૧૮ |
| ૪ | ૭.૬ થી ૧૦.૦ | ૧૫ | ૧૬ | ૪ | – | ૧ | ૨ | – | – | ૨૦ | ૧૮ | ૩૮ |
| | કુલ | ૮૩ | ૯૭ | ૭ | – | ૫ | ૫ | – | ૧ | ૯૫ | ૧૦૩ | ૧૯૮ |
| | ટકા | ૮૭.૪ | ૯૪.૨ | ૭.૪ | | ૫.૨ | ૪.૯ | | ૦.૯ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | |
| | કુલના ટકા | ૯૦.૯ | | ૩.૫ | | ૫.૧ | | ૦.૫ | | ૧૦૦.૦ | | |

કોઠો : ૮

જમીનનું પ્રમાણ

| ક્રમ | જમીનનું કદ | એકર | ગૂંઠા | પિયત એ. | પિયત ગૂંઠા | સરેરાશ જમીનનું કદ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૦થી ૨.૫ | ૨૭ | ૧૦ | ૬ | ૩૨ | ૧.૧૫ |
| ૨ | ૨.૬ થી ૫.૦૦ | ૨૬ | ૧૭ | ૮. | ૦૦ | ૩.૩૧ |
| ૩ | ૫.૧ થી ૭.૫ | ૧૯ | ૩૭ | ૭ | ૦૦ | ૬.૧૬ |
| ૪ | ૭.૬ થી ૧૦.૦ | ૪૪ | ૨૧ | ૧૨ | ૨૦ | ૮.૩૬ |
| | કુલ | ૧૧૮ | ૦૫ | ૩૪ | ૧૨ | ૩.૧૫ |

કોઠો : ૯

નમૂનાના કુટુંબોની અસ્કયામતનું પ્રમાણ દર્શાવતો કોઠો

| ક્રમ | જમીનનું કદ | જમીનની કિંમત | મકાનની કિંમત | ઝાડ | પશુધન | માલિકીના યંત્રો | વાસણો | ચાલુ.. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦ થી ૨.૫ | ૬૬૦૫૦ | ૫૮૦૦૦ | ૬૫૨૦૦ | ૩૬૬૮૦ | ૩૦૨૦ | ૩૩૯૫ | |
| ૨ | ૨.૬ થી ૫.૦ | ૭૨૨૦૦ | ૪૯૦૦૦ | ૨૫૩૦૦ | ૨૭૪૪૦ | ૧૬૯૦ | ૧૮૫૫ | |
| ૩ | ૫.૧ થી ૭.૫ | ૫૩૪૦૦ | ૨૧૫૦૦ | ૧૬૯૦૦ | ૧૬૬૮૫ | ૮૭૫ | ૮૯૦ | |
| ૪ | ૭.૬ થી ૧૦.૦ | ૧૧૬૦૦૦ | ૫૪૫૦૦ | ૩૪૨૦૦ | ૨૪૮૯૦ | ૩૨૩૦ | ૧૫૮૫ | |
| | કુલ | ૩૦૭૬૫૦ | ૧૮૩૦૦૦ | ૧૪૧૬૦૦ | ૧૦૫૬૯૫ | ૮૮૧૫ | ૭૭૨૫ | |
| | કુટુંબદીઠ અસ્કયામત | ૮૭૬૦ | ૫૨૨૯ | ૪૦૪૬ | ૩૦૨૦ | ૨૫૨ | ૨૨૧ | |
| | ટકા | ૩૮.૮ | ૨૩.૧ | ૧૭.૯ | ૧૩.૩ | ૧.૧ | ૧.૦ | |

કોઠો : ૯.. ચાલુ..

| ક્રમ | ફર્નિચર | ઘરેણાં | શેર અનામત | કુલ અસ્કયામત | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|
| ૧ | ૬૬૫૦ | ૭૧૦૦ | ૧૩૭૦ | ૨૪૭૪૬૫ | ૧૨૧૭૩ |
| ૨ | ૩૧૫૫ | ૬૨૦૦ | ૨૧૦ | ૧૮૭૦૫૦ | ૨૬૭૨૧ |
| ૩ | ૧૭૫૫ | ૧૫૦૦ | ૪૦૦ | ૧૧૩૯૦૫ | ૩૭૯૬૮ |
| ૪ | ૨૧૦૫ | ૮૦૦૦ | ૧૧૦ | ૨૪૪૬૨૦ | ૪૮૯૨૪ |
| કુલ | ૧૩૬૬૫ | ૨૨૮૦૦ | ૨૦૯૦ | ૭૯૩૦૪૦ | ૨૨૬૫૮ |
| કુટુંબદીઠ અસ્કયામત | ૩૯૦ | ૬૫૧ | ૬૦ | ૨૨૬૫૮ | |
| ટકા | ૧.૭ | ૨.૯ | ૦.૨ | ૧૦૦.૦ | |

## કોઠો : ૧૦

### ઝાડ અને પશુધનની માહિતી

| ક્રમ | જમીનનું કદ | મકાન સંખ્યા | ઝાડની માહિતી: મહુડા | ઝાડની માહિતી: આંબા | ઝાડની માહિતી: બોરડી | પશુધન: ગાય | પશુધન: ભેંસ | પશુધન: પાડા | પશુધન: પાડી | પશુધન: બકરાં ઘેટાં | પશુધન: બળદ | પશુધન: વાછરડો | પશુધન: વાછડી | પશુધન: મરઘાં | પશુધન: કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦ થી ૨.૫ | ૨૧ | ૧૯૪ | ૩ | ૩ | ૫ | ૩ | - | ૧ | ૨૩ | ૨૩ | ૧ | - | ૨૯ | ૮૫ |
| ૨ | ૨.૬ થી ૫.૦૦ | ૯ | ૭૮ | ૨ | - | ૯ | - | - | - | ૩૨ | ૧૩ | ૩ | ૩ | ૨૫ | ૮૫ |
| ૩ | ૫.૧ થી ૭.૫ | ૩ | ૩૦ | ૫ | - | ૨ | ૨ | - | - | ૧૨ | ૬ | ૧ | | ૨૦ | ૪૩ |
| ૪ | ૭.૬ થી ૧૦.૦ | ૭ | ૮૦ | ૧૨ | - | ૬ | ૧ | - | - | ૮ | ૧૫ | ૩ | ૫ | ૧૨ | ૫૦ |
| | કુલ | ૪૦ | ૩૮૨ | ૨૨ | ૩ | ૨૨ | ૬ | - | ૧ | ૭૫ | ૫૭ | ૮ | ૮ | ૮૬ | ૨૬૩ |
| | કુટુંબદીઠ સરેરાશ | | (૧૩) | | | | | | | ( ૫ ) | | | | | (૭) |

## કોઠો : ૧૧

### માલિકોનાં યંત્રો- ઓજારો

| ક્રમ | જમીનનું કદ | હળ લાકડાનું | કરબ | સમાર | વાવ-ણિયો | નાનાં ઓજારો | ગાડુ | કૂવો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦ થી ૨.૫ | ૧૩ | ૧૫ | ૧૩ | ૧૩ | ૬૯ | – | – | ૧૨૩ |
| ૨ | ૨.૬ થી ૫.૦૦ | ૭ | ૭ | ૭ | ૭ | ૪૬ | – | ૧ | ૭૫ |
| ૩ | ૫.૧ થી ૭.૫ | ૩ | ૩ | ૩ | ૩ | ૨૩ | – | – | ૩૫ |
| ૪ | ૭.૬ થી ૧૦.૦ | ૭ | ૭ | ૬ | ૬ | ૪૨ | – | ૧ | ૬૯ |
| | કુલ | ૩૦ | ૩૨ | ૨૯ | ૨૯ | ૧૮૦ | – | ૨ | ૩૦૨ (૯) |

કોઠો : ૧૨

વાસણો અને ફર્નિચરની માહિતી

| ક્રમ | જમીનનું કદ | બેડાં | એલ્યુમિનિયમ | પિત્તળ | સ્ટીલ | માટીનાં | કાચનાં | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦ થી ૨.૫ | ૧ | ૭૧ | ૭૭ | ૭૪ | ૯૦ | ૨૯ | ૬ | ૩૪૮ |
| ૨ | ૨.૬ થી ૫.૦૦ | ૨ | ૩૫ | ૩૯ | ૩૮ | ૩૩ | ૧૯ | – | ૧૬૬ |
| ૩ | ૫.૧ થી ૭.૫ | ૧ | ૧૧ | ૧૨ | ૨૦ | ૧૩ | ૧૦ | ૩ | ૭૦ |
| ૪ | ૭.૬ થી ૧૦.૦ | ૨ | ૩૨ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૦ | – | ૧૨૯ |
| | કુલ | ૬ | ૧૪૯ | ૧૫૨ | ૧૫૭ | ૧૬૨ | ૭૮ | ૯ | ૭૧૩ (૨૦) |

કોઠો : ૧૨.. ચાલુ..

| ક્રમ | ખાટલા | હિંચકો | ખુરશી | સાયકલ | ઘડિયાળ | જાળ | ચીમની | ટોપેલાં | દળવાની ઘંટી | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪૨ | - | - | ૨ | ૧ | ૬ | ૨૦ | ૪૬ | ૨૦ | - | ૧૩૭ |
| ૨ | ૨૪ | ૧ | ૧ | - | ૨ | - | ૭ | ૧૯ | ૭ | - | ૬૧ |
| ૩ | ૧૧ | - | - | ૧ | | | ૩ | ૯ | ૩ | - | ૨૭ |
| ૪ | ૧૭ | | | | ૧ | ૧ | ૫ | ૧૫ | ૫ | | ૪૪ |
| કુલ | ૯૪ | ૧ | ૧ | ૩ | ૪ | ૭ | ૩૫ | ૮૯ | ૩૫ | - | ૨૬૯ (૮) |

કોઠો : ૧૩

કુલ ઉત્પાદન

| ક્રમ | જમીનનું કદ | ખેતી | પશુપાલન | વન્ય પેદાશ | કુલ ઉત્પાદન | ઉત્પાદન ખર્ચ | ચોખ્ખી આવક | ઘરમાં વાપરેલ | વેચેલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦ થી ૨.૫ | ૩૨૯૩૦ | ૫૨૭૦ | ૧૭૭૭૦ | ૫૫૯૭૦ | ૧૨૮૧૫ | ૪૩૧૫૫ | ૨૯૮૨૦ | ૨૬૧૫૦ |
| ૨ | ૨.૬ થી ૫.૦ | ૨૬૬૮૦ | ૫૦૪૦ | ૮૧૯૦ | ૩૯૯૧૦ | ૯૫૮૦ | ૩૦૩૩૦ | ૨૨૦૭૦ | ૧૭૮૪૦ |
| ૩ | ૫.૧ થી ૭.૫ | ૧૮૦૦૦ | ૩૪૩૦ | ૩૨૯૦ | ૨૪૭૨૦ | ૬૩૮૫ | ૧૮૩૩૫ | ૧૧૧૫૦ | ૧૩૫૭૦ |
| ૪ | ૭.૬ થી ૧૦.૦ | ૨૮૬૮૦ | ૩૨૦૦ | ૬૮૦૦ | ૩૮૬૮૦ | ૯૧૧૦ | ૨૯૫૭૦ | ૨૦૬૮૦ | ૧૮૦૦૦ |
| | કુલ | ૧૦૬૨૯૦ | ૧૬૯૪૦ | ૩૬૦૫૦ | ૧૫૯૨૮૦ | ૩૭૮૯૦ | ૧૨૧૩૯૦ | ૮૩૭૨૦ | ૭૫૫૬૦ |
| | કુટુંબદીઠ ઉત્પાદન | ૩૦૩૭ | ૪૮૪ | ૧૦૩૦ | ૪૫૫૧ | ૧૦૮૩ | ૩૪૬૮ | ૨૩૯૨ | ૨૧૫૯ |

## કોઠો : ૧૪

### કુલ આવક- ખર્ચ - ચોખ્ખી આવક

| ક્રમ | જમીનનું કદ | ખેતી પશુપાલન | વન્ય પેદાશ | મજૂરી | નોકરી | કુલ આવક | કુલ ખર્ચ | ચોખ્ખી આવક |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦ થી ૨.૫ | ૩૮૧૧૦ | ૧૭૬૮૦ | ૪૨૫૯૦ | - | ૯૮૩૮૦ | ૧૭૬૬૦ | ૮૦૭૨૦ |
| ૨ | ૨.૬ થી ૫.૦ | ૩૧૭૨૦ | ૮૧૯૦ | ૧૨૮૪૦ | - | ૫૨૭૫૦ | ૧૧૩૮૦ | ૪૧૩૭૦ |
| ૩ | ૫.૧ થી ૭.૫ | ૨૧૪૩૦ | ૩૨૬૦ | ૨૧૭૦ | - | ૨૬૮૬૦ | ૬૬૮૫ | ૨૦૨૦૫ |
| ૪ | ૭.૬ થી ૧૦.૦ | ૩૧૮૪૦ | ૬૮૦૦ | ૬૬૪૦ | ૩૦૦૦ | ૪૮૨૮૦ | ૧૦૨૬૦ | ૩૮૦૨૦ |
| ૫ | કુલ | ૧૨૩૧૦૦ | ૩૫૯૬૦ | ૬૪૨૪૦ | ૩૦૦૦ | ૨૨૬૩૦૦ | ૪૫૯૮૫ | ૧૮૦૩૧૫ |
| ૬ | કુટુંબદીઠ વાર્ષિક આવક | ૩૫૧૭ | ૧૦૨૭ | ૧૮૩૫ | ૮૬ | ૬૪૬૬ | ૧૩૧૪ | ૫૧૫૨ |
| ૭ | કુટુંબદીઠ માસિક આવક | | | | | | | ૪૨૯ |
| ૮ | માથાદીઠ વાર્ષિક આવક | | | | | | | ૯૧૧ |
| ૯ | માથાદીઠ માસિક આવક | | | | | | | ૭૬ |

કોઠો : ૧૫

કુલ વપરાશી ખર્ચ

| ક્રમ | જમીનનું કદ | અનાજ કઠોળ | શાકભાજી | માંસ ઈંડાં | દૂધ-ઘી | ખાંડ-ગોળ | તેલ | ચ્હા-કોફી | ગરમ મસાલા | દારૂ | બીડી-તમાકુ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦ થી ૨.૫ | ૩૦૪૧૫ | ૧૬૯૫ | ૧૦૦૫ | ૨૪૬૦ | ૩૨૨૫ | ૩૧૧૦ | ૧૩૮૦ | ૧૭૫૫ | ૧૩૩૦ | ૨૦૩૦ |
| ૨ | ૨.૬થી૫.૦૦ | ૧૭૫૨૦ | ૮૬૦ | ૪૭૦ | ૧૪૫૦ | ૧૪૩૦ | ૧૪૩૦ | ૫૭૫ | ૭૧૦ | ૧૦૦ | ૮૫૦ |
| ૩ | ૫.૧થી૭.૫ | ૫૬૪૦ | ૩૧૦ | ૧૮૦ | ૬૭૦ | ૬૫૦ | ૬૫૦ | ૩૦૦ | ૩૨૦ | ૨૭૦ | ૪૮૦ |
| ૪ | ૭.૬થી૧૦.૦ | ૧૩૧૩૦ | ૭૨૦ | ૫૬૦ | ૧૩૦૦ | ૧૨૧૦ | ૧૨૧૦ | ૪૭૦ | ૫૩૫ | ૪૦૦ | ૭૩૫ |
| ૫ | કુલ | ૬૬૭૦૫ | ૩૫૮૫ | ૨૨૧૫ | ૫૮૮૦ | ૬૫૧૫ | ૬૪૦૦ | ૨૭૨૫ | ૩૩૨૦ | ૨૧૦૦ | ૪૦૯૫ |
| ૬ | ટકા | ૪૧.૯ | ૨.૨ | ૧.૪ | ૩.૭ | ૪.૧ | ૪.૦ | ૧.૭ | ૨.૧ | ૧.૩ | ૨.૬ |
| ૭ | કુટુંબદીઠ વાર્ષિક | ૧૯૦૬ | ૧૦૨ | ૬૩ | ૧૬૮ | ૧૮૬ | ૧૮૩ | ૭૮ | ૯૫ | ૬૦ | ૧૧૭ |
| ૮ | કુટુંબદીઠ માસિક | ૧૫૯ | ૯ | ૫ | ૧૪ | ૧૬ | ૧૫ | ૭ | ૮ | ૫ | ૧૦ |
| ૯ | માથાદીઠ વાર્ષિક | ૩૩૭ | ૧૮ | ૧૧ | ૩૦ | ૩૩ | ૩૨ | ૧૪ | ૧૭ | ૧૧ | ૨૧ |
| ૧૦ | માથાદીઠ માસિક | ૨૯ | ૨ | ૧ | ૨ | ૩ | ૩ | ૧ | ૧ | ૧ | ૨ |

કોઠો : ૧૫ .. ચાલુ..

| ક્રમ | બળતણ | ફળ ફળાદિ | મુસાફરી | કપડાં પગરખાં | શિક્ષણ | દવાદારૂ | સામાજીક ધાર્મિક | કુલ ખર્ચ | કુટુંબદીઠ વાર્ષિક માસિક | માથાદીઠ વાર્ષિક માસિક ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪૫૪૫ | ૮૪૫ | ૫૧૬૦ | ૧૦૭૩૫ | ૮૦ | ૨૪૦૦ | ૨૮૫૦ | ૭૫૦૨૦ | ૩૭૫૧ | ૮૪૩ |
| ૨ | ૨૦૧૦ | ૩૧૦ | ૨૧૬૦ | ૬૩૯૦ | ૧૮૦ | ૮૮૦ | ૧૦૩૦ | ૩૮૩૫૫ | ૫૪૭૯ | ૭૨૪ |
| ૩ | ૮૨૦ | ૧૮૦ | ૯૦૦ | ૨૧૫૦ | ૧૬૦ | ૫૧૦ | ૬૦૦ | ૧૪૭૯૦ | ૪૯૩૦ | ૮૨૨ |
| ૪ | ૧૬૮૫ | ૩૨૦ | ૧૫૯૦ | ૫૨૨૦ | ૧૦૦ | ૯૩૦ | ૧૦૦૦ | ૩૧૧૫ | ૬૨૨૩ | ૮૧૯ |
| ૫ | ૯૦૬૦ | ૧૬૫૫ | ૯૮૧૦ | ૨૪૪૯૫ | ૫૨૦ | ૪૭૨૦ | ૫૪૮૦ | ૧૫૯૨૮૦ | ૪૫૫૧ | ૮૦૪ |
| ૬ | ૫.૭ | ૧.૦ | ૬.૨ | ૧૫.૪ | ૦.૩ | ૩.૦ | ૩.૪ | ૧૦૦.૦ | | |
| ૭ | ૨૫૯ | ૪૭ | ૨૮૦ | ૭૦૦ | ૧૫ | ૧૩૫ | ૧૫૭ | ૪૫૫૧ | | |
| ૮ | ૨૨ | ૪ | ૨૩ | ૫૮ | ૧ | ૧૧ | ૧૩ | ૩૭૯ | | |
| ૯ | ૪૬ | ૮ | ૫૦ | ૧૨૪ | ૩ | ૨૪ | ૨૮ | ૮૦૪ | | |
| ૧૦ | ૪ | ૧ | ૪ | ૧૦ | - | ૨ | ૨ | ૬૭ | | |

કોઠો : ૧૬

દેવાદાર કુટુંબો અને દેવું

| ક્રમ | જમીનનું કદ | દેવું છે ? હા | ના | શાહુકાર | સરકાર | સહકારી મંડળી | બેંક | સગાં વહાલાં | અન્ય | કુલ | દેવાદાર કુટુંબદીઠ દેવું |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦ થી ૨.૫ | ૧૦ | ૧૦ | ૩૦૫૦ | ૫૦૦ | ૨૦૮૦ | ૨૭૦૦ | - | ૫૦૦ | ૮૮૩૦ | ૮૮૩ |
| ૨ | ૨.૬ થી ૫.૦૦ | ૩ | ૪ | ૨૯૫૦ | - | - | - | ૧૫૦૦ | - | ૪૪૫૦ | ૧૪૮૩ |
| ૩ | ૫.૧ થી ૭.૫ | ૨ | ૧ | ૧૫૦૦ | ૧૦૦૦ | - | - | - | - | ૨૫૦૦ | ૧૨૫૦ |
| ૪ | ૭.૬ થી ૧૦.૦ | - | ૫ | - | - | - | - | - | - | - | - |
| | કુલ | ૧૫ | ૨૦ | ૭૫૦૦ | ૧૫૦૦ | ૨૦૮૦ | ૨૭૦૦ | ૧૫૦૦ | ૫૦૦ | ૧૫૭૮૦ | |
| | દેવાદાર કુટુંબદીઠ દેવું | | | ૫૦૦ | ૧૦૦ | ૧૩૯ | ૧૮૦ | ૧૦૦ | ૩૩ | ૧૦૫૨ | |

કોઠો : ૧૭

હેતુવાર દેવું

| ક્રમ | જમીનનું કદ | ઘરખર્ચ | સામાજીક | કૂવા માટે | ખેતી ખર્ચ | દુઝાળાં ઢોર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦ થી ૨.૫ | ૨૨૫૦ | ૮૦૦ | ૨૦૦૦ | ૨૦૮૦ | ૧૭૦૦ | ૮૮૩૦ |
| ૨ | ૨.૬ થી ૫.૦૦ | ૨૨૦૦ | ૨૨૫૦ | – | – | – | ૪૪૫૦ |
| ૩ | ૫.૧ થી ૭.૫ | ૧૫૦૦ | – | – | – | ૧૦૦૦ | ૨૫૦૦ |
| | કુલ | ૫૯૫૦ | ૩૦૫૦ | ૨૦૦૦ | ૨૦૮૦ | ૨૭૦૦ | ૧૫૭૮૦ |
| | દેવાદાર કુટુંબદીઠ હેતુવાર દેવું | ૩૯૭ | ૨૦૩ | ૧૩૩ | ૧૩૯ | ૧૮૦ | ૧૦૫૨ |

## કોઠો : ૧૮

### વિકાસ કાર્યક્રમોનો લાભ

| ક્રમ | જમીનનું કદ | કુલ કુટુંબ | કિટસ | બિયારણ ખાતર | કુવા | ભેંસ | મકાન સમારકામ સહાય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦ થી ૨.૫ | ૨૦ | ૬ | ૨ | ૧ | ૩ | – | ૧૨ |
| ૨ | ૨.૬ થી ૫.૦ | ૭ | ૨ | ૧ | | | ૧ | ૪ |
| ૩ | ૫.૧ થી ૭.૫ | ૩ | ૧ | – | – | ૧ | – | ૨ |
| ૪ | ૭.૬ થી ૧૦.૦ | ૫ | ૧ | – | – | – | – | ૧ |
| | કુલ | ૩૫ | ૧૦ | ૩ | ૧ | ૪ | ૧ | ૧૯ |